સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK **34**

(15/08/21 to 21/08/21)

**સંપાદક**
મૌલિક ગોંધિયા
(Director - ICE)


આજે જ DOWNLOAD કરો ICE APPLICATION

"ICE CLICKS"

ICE APP
ICE CLICKS
ડાઉનલોડ કરો

Google Play

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS





સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.


JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**15 SUNDAY**


- દિવસ મહિમા : 15 ઓગસ્ટ, 2021, ભારતનો 75મો સ્વાતંત્ર્ય દિન ........ 02
- ભારતે વર્ષ 2047 સુધીમાં 'ઉર્જા સ્વતંત્ર' (Energy Independent) બનવાનું લક્ષ્ય નક્કી કર્યુ ........ 05
- QUESTION ANSWERS ........ 06


**16 MONDAY**


- India- Brazil- South Africa (IBSA) ........ 07
- કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન સેટેલાઈટ ફોનથી સજ્જ ભારતનું પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન બન્યું ........ 08
- આસામ પશુ સંરક્ષણ બિલ, 2021 ........ 09
- QUESTION ANSWERS ........ 10


**17 TUESDAY**


- ગુજરાત રાજ્યનો 72મો વનમહોત્સવ : ગુજરાતના 21મા સાંસ્કૃતિક વન 'મારુતિ નંદન વન'નું લોકાર્પણ ........ 11
- અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ પર તાલિબાનનું નિયંત્રણ ........ 13
- HALએ હિન્દુસ્તાન- 228 વિમાનનું પરીક્ષણ કર્યુ ........ 14
- QUESTION ANSWERS ........ 15


**18 WEDNESDAY**


- મહારાજા રણજીત સિંહ ........ 16
- Financial Inclusion Index (FI-Index) ........ 17
- સુડોકુના ગોડફાધર શ્રી માકી કાજીનું નિધન ........ 18
- QUESTION ANSWERS ........ 19


**19 THURSDAY**


- દિવસ મહિમા : 19 ઓગસ્ટ, (1) વિશ્વ ફોટોગ્રાફી દિવસ (2) વિશ્વ માનવતા દિવસ ........ 20
- ન્યાયધીશોની નિમણૂક માટે કોલેજિયમ સિસ્ટમ ........ 20
- New Development Bank (NDB) ........ 22
- QUESTION ANSWERS ........ 24


**20 FRIDAY**


- દિવસ મહિમા : 20 ઓગસ્ટ, (1) સદ્‌ભાવના દિવસ (શ્રી રાજીવગાંધી જન્મદિન) (2) ભારતીય અક્ષય ઊર્જા દિવસ (3) વિશ્વ મચ્છર દિવસ ........ 25
- ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક ગ્રોથ સોસાયટીના નવા અધ્યક્ષ તરીકે શ્રી એન. કે. સિંઘને નિયુક્ત કરવામાં આવ્યા ........ 26
- દક્ષિણ ચીન સમુદ્રમાં ભારત-વિયેતનામ દ્વારા દરિયાઈ કવાયત હાથ ધરવામાં આવી ........ 26
- ભારત-ઓસ્ટ્રેલિયા નેવી માટે 'સંયુક્ત માર્ગદર્શન' દસ્તાવેજ ........ 27
- QUESTION ANSWERS ........ 28


**21 SATURDAY**


- દિવસ મહિમા : 21 ઓગસ્ટ, વિશ્વ સિનિયર સિટીઝન દિવસ ........ 29
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ તીર્થ સ્થળે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહી રૂ. 85 કરોડના યાત્રિક સુવિધાલક્ષી વિવિધ પ્રોજેક્ટોનું લોકાર્પણ કર્યુ ........ 29
- DCGIએ 'ZyCov-D' રસીને ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી ........ 31
- QUESTION ANSWERS ........ 33

ONE LINER ........ 34

QUESTION OF THIS WEEK ........ 40


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 15 ઓગસ્ટ, 2021, ભારતનો 75મો સ્વાતંત્ર્ય દિન

15 ઓગસ્ટ, 2021ના રોજ સમગ્ર ભારતમાં 75માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

- 15 ઓગસ્ટ, 1947ના રોજ ભારતને બ્રિટિશ શાસનમાંથી આઝાદી મળી હતી. તથા ભારત એક સ્વતંત્ર સાર્વભૌમ ગણરાજ્ય બન્યું હતું.

### 75મા સ્વાતંત્ર્ય દિનની રાષ્ટ્રકક્ષાની ઉજવણી

15 ઓગસ્ટ, 2021ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી ભારતના સ્વાંતત્ર્ય પર્વે સતત આઠમી વખત તિરંગો લહેરાવીને તેને સલામી આપી હતી.

- 75માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે વડાપ્રધાને અનેક પગલાં/ પહેલોની જાહેરાત કરી હતી અને ભારત માટે આગામી 25 વર્ષ મહાન બનાવવાની હાકલ કરી હતી.
- સ્વતંત્રતા દિવસના એક દિવસ પહેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેરાત કરી હતી કે 14 ઓગસ્ટને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' (Partition Horror Memorial Day) તરીકે ઉજવવામાં આવશે.
- આ દિવસ નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના સોનેરી ભાવીના ઘડતર માટે છ યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો જે નીચે મુજબ છે :

### ગતિ શક્તિ માસ્ટર પ્લાન

તે 'સંયુક્ત ઈન્ફ્રાસ્ટ્રકચર' વિકાસ માટે 100 લાખ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ છે.

- વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે 'ગતિ શક્તિ– રાષ્ટ્રીય માસ્ટર પ્લાન' ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.
- ગતિ શક્તિ યોજના સ્થાનિક ઉત્પાદકોની વૈશ્વિક રૂપરેખા વધારવામાં મદદ કરશે.
- તે ઉત્પાદકોને વિશ્વભરમાં તેમના સમકક્ષો સાથે સ્પર્ધા કરવામાં પણ મદદ કરશે.
- આ ઉપરાંત તે ભવિષ્યમાં યુવાનો માટે રોજગારીની તકોનું સ્ત્રોત બનશે.

### રાષ્ટ્રીય હાઈડ્રોજન મિશન

આ મિશન ભારતની ઉર્જા સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવ્યું છે.

- 'નેશનલ હાઈડ્રોજન મિશન' અને 'ગ્રીન હાઈડ્રોજન' સેક્ટર ભારતને તેનું આબોહવા લક્ષ્ય પૂરું કરવામાં મદદ કરશે.
- આ મિશન ભારતને ઉર્જા સ્વતંત્ર બનાવવામાં પણ મદદ કરશે. અત્યારે ભારત ઉર્જા આયાત પાછળ 12 લાખ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરે છે.
- આ મિશન ભારતને ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન અને નિકાસ માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવા માંગે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ફોર્ટિફાઈડ ચોખા

દેશમાં ગરીબ નાગરિકને પૂરતું પોષણ મળી રહે તે માટે અને કુપોષણની નાબૂદી માટે સરકાર વિવિધ યોજનાઓ હેઠળ ફોર્ટિફાઈડ ચોખાનું વિતરણ કરશે.

- ભારતના દરેક ગરીબ વ્યક્તિને પોષણ આપવું એ સરકારની પ્રાથમિકતા છે.
- ગરીબ મહિલાઓ અને ગરીબ બાળકોમાં કુપોષણ અને જરૂરી પોષક તત્ત્વોનો અભાવ તેમના વિકાસમાં મોટી અડચણ છે તે જોતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.
- મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત છ રાજ્યોએ પાયલોટ યોજના હેઠળ 'ફોર્ટિફાઈડ' ચોખાનું વિતરણ શરૂ કર્યું છે.

નોંધ : ફૂડ ફોર્ટિફિકેશનએ ખોરાકમાં સૂક્ષ્મ પોષકતત્ત્વો ઉમેરવાની પ્રક્રિયા છે.

## વંદે ભારત ટ્રેનો

ભારતના દરેક ખૂણાને સાંકળી લેતું રેલ્વે તંત્રનું સર્જન થઈ શકે તે માટે માળખાગત વિકાસને ગતિમાન બનાવવામાં આવશે.

- 'આઝાદી કા અમૃત મહત્ત્સવ' નિમિત્તે 75 વંદે ભારત ટ્રેનો 75 અઠવાડિયામાં દેશના વિવિધ ભાગોને જોડશે.
- વંદે ભારત સ્વદેશી સેમી–હાઈસ્પીડ ટ્રેન સેટને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, રેલવેએ આઝાદીના 75 વર્ષ ઉજવવા માટે ઓગસ્ટ 2022 સુધીમાં લગભગ 40 શહેરોને જોડીને તેમાંના ઓછામાં ઓછા 10 રોલ આઉટ કરવાની તૈયારી કરી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દીકરીઓ માટે સૈનિક સ્કૂલોમાં શિક્ષણ

દેશની તમામ સૈનિક શાળાઓ હવે દીકરીઓ માટે પણ ખુલશે, અત્યારે દેશમાં 33 સૈનિક શાળાઓ ચાલી રહી છે.

- વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે દેશની લાખો વિદ્યાર્થીનીઓ એ સૈનિક શાળામાં ભણવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.
- લગભગ અઢી વર્ષ પહેલાં મિઝોરમની સૈનિક શાળાઓમાં પ્રથમ વખત દીકરીઓને સૈનિક શાળામાં ભણવાની મંજૂરી આપવામાં આવતી હતી.
- સૈનિક શાળાઓ સૈનિક સ્કૂલ સોસાયટી દ્વારા સંચાલિત થાય છે જે સંરક્ષણ મંત્રાલયના વહીવટી તંત્ર હેઠળ આવે છે.
- સૈનિક શાળાઓની સ્થાપનાનો હેતુ વિદ્યાર્થીઓને નાનપણથી જ ભારતીય સશસ્ત્ર દળોમાં પ્રવેશ માટે તૈયાર કરવાનો હતો.

## સ્વ-સહાય જૂથો માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મ

આ ડિજિટલ પ્લેટફોર્મ મહિલા સ્વ–સહાય જૂથોના ઉત્પાદનોને દેશ અને વિદેશમાં દૂરના લોકો સાથે જોડે છે.

- સરકાર તેની પ્રોડક્ટ્સ માટે દેશ અને વિદેશમાં મોટુ બજાર સુનિશ્ચિત કરવા માટે ઈ–કોમર્સ પ્લેટફોર્મ બનાવશે.
- ગામડાઓમાં આઠ કરોડથી વધુ મહિલાઓ સ્વ–સહાય જૂથો સાથે સંકળાયેલી છે અને તેઓ ઉત્તમ ઉત્પાદનોની રચના કરે છે.

## વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ

14 ઓગસ્ટના રોજ હવે દર વર્ષે 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' અથવા 'પાર્ટીશન વિભીષિકા મેમોરિયલ ડે' તરીકે ઉજવવામાં આવશે.

- આ દિવસ ભારતીયોને સામાજિક વિભાગો, દૂશ્મનાવટ દૂર કરવાની અને એકતા, સામાજિક સંવાદિતા અને માનવ સશક્તિકરણની ભાવનાને મજબૂત કરવાની જરૂરિયાતની યાદ અપાવશે.

## 75મા સ્વાતંત્ર્ય દિનની રાજ્યકક્ષાની ઉજવણી

15 ઓગસ્ટ, 2021ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 75મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત જૂનાગઢ ખાતે રાજ્યકક્ષાના ધ્વજવંદન સમારોહમાં તિરંગાને સલામી આપી હતી.

- આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત પણ ઉપસ્થિત રહ્યા હતા.
- સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે જૂનાગઢ જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાની શ્રી લાભશંકર દવે, લોક સાહિત્યકાર રાજભા ગઢવી, ઈતિહાસકાર શ્રી પ્રદ્યુમન ખાચર, ઢોલકવાદ શ્રી હાજીભાઈ રમકડુ, રમત ગમત ક્ષેત્રે શ્રી લાલાભાઈ પરમાર અને શ્રી દેવકુમાર આંબલિયા, કૃષિક્ષેત્રેશ્રી પરષોત્તમ સીદપરા અને શ્રી હિતેષભાઈ દોમડીયાને સન્માનિત કર્યા હતા.
- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતુ કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉજ્જવલા 2.0 યોજનાની જાહેરાત કરી છે તે અંતર્ગત ગુજરાતમાં પાંચ લાખ ગેસ કનેકશન રાહત દરે આપવામાં આવશે.
- આ ઉપરાંત પાક સંગ્રહ સ્ટ્રકચર યોજના સહાય ધોરણમાં વધારો કરતા જણાવ્યું કે, હવે આ યોજનામાં ખેડૂતને ગોડાઉન બનાવવા રૂ. 30 હજારના બદલે રૂ. 50,000 આપવામાં આશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આઝાદી કા અમૃત મહોત્સવ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 12 માર્ચ, 2021ના રોજ સાબરમતિ આશ્રમ અમદાવાદ ખાતેથી 'આઝાદી કા અમૃત મહોત્સવ' (India @ 75)નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

- 'આઝાદી કા અમૃત મહોત્સવ' ભારત સરકાર દ્વારા ભારતની આઝાદીની 75મી વર્ષગાંઠની ઉજવણી માટે આયોજિત કાર્યક્રમોની શ્રેણી છે.
- આ મહોત્સવ જાહેર ભાગીદારીની ભાવના સાથે જાહેર ઉત્સવ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે.
- આઝાદીના 75મી વર્ષગાંઠ પર ઓયોજિત કાર્યક્રમો અંગે નીતિઓ અને યોજનાઓ તૈયાર કરવા માટે ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય અમલિકરણ સમિતિની રચના કરવામાં આવી હતી.
- આ ઉત્સવના કાર્યક્રમો 15 ઓગસ્ટ, 2022ના 75 અઠવાડિયા પહેલા શરૂ થયા હતા. એટલે કે પ્રારંભિક કાર્યક્રમોની શરૂઆત 12 માર્ચ, 2021થી થઈ હતી.
- આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ 15 ઓગસ્ટ, 2023 સુધી ચાલુ રહેશે.

# ભારતે વર્ષ 2047 સુધીમાં 'ઉર્જા સ્વતંત્ર' (Energy Independent) બનવાનું લક્ષ્ય નક્કી કર્યુ




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 15 ઓગસ્ટના રોજ દેશને સંબોધિત કરતી વખતે વર્ષ 2047 સુધીમાં 'ઉર્જા સ્વતંત્ર' બનવાના ભારતના લક્ષ્ય પર પ્રકાશ પાડ્યો હતો.

- ભારતે ઈલેક્ટ્રિક ગતિશીલતા, ગેસ આધારિત અર્થતંત્ર અને પેટ્રોલમાં ઈથેનોલનો મિશ્રણ દ્વારા ઉર્જા સ્વતંત્ર બનવાનું લક્ષ્ય પ્રાપ્ત કરવાનું નક્કી કર્યુ છે.
- હાલમાં ભારત દર વર્ષે ઉર્જા આયાત પર 12 લાખ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરે છે.

## ઉર્જા સ્વતંત્ર બનવા માટેના રોડમેપ

- ઉર્જા સ્વતંત્ર બનવા માટે ભારતના રોડમેપમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :

(1) અર્થતંત્રમાં કુદરતી ગેસનો ઉપયોગ

(2) સમગ્ર ભારતમાં સી.એન.જી અને પાઈપ કરેલ નેચરલ ગેસ નેટવર્કની સ્થાપના

(3) પેટ્રોલ અને ઈલેક્ટ્રિક ગતિશીલતામાં 20% ઈથેનોલનું મિશ્રણ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતની વર્તમાન ઉપલબ્ધિ

- વર્તમાન ભારતે 100 ગિગાવોટ રિન્યુએબલ એનર્જી ક્ષમતાનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે, જે નક્કી કરેલ લક્ષ્યથી ઘણો આગળ છે.

## ભારતની ઉર્જા નીતિ

ભારતની ઉર્જા નીતિની વ્યાખ્યા ઉર્જા ખાદ્યને વિસ્તૃત કરવા અને પરમાણુ, સૌર અને પવન ઉર્જા જેવા ઉર્જાના વૈકલ્પિક સ્ત્રોતો વિકસાવવા પર ભારતના વધતા ધ્યાન દ્વારા કરવામાં આવી છે.

- નોંધનીય છે કે વર્ષ 2017 સુધીમાં ભારતે એકંદરે ઉર્જાની આત્મનિર્ભરતા 63% જેટલી પ્રાપ્ત કરી છે.

## ભારતમાં પ્રાથમિક ઉર્જા વપરાશ

વર્ષ 2019માં ભારતમાં પ્રાથમિક ઉર્જા વપરાશ 2.3% વધ્યો છે.

- ભારત, ચીન અને અમેરિકા પછી 5.8% ના વૈશ્વિક હિસ્સા સાથે ત્રીજો સૌથી મોટો ગ્રાહક બની ગયો છે.

## SUNDAY Questions

1. 15 ઓગસ્ટ, 2021ના રોજ ભારતમાં કેટલામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 72મા (B) 73મા (C) 74મા (D) 75મા — (D)

2. 15 ઓગસ્ટ, 2021ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીના લાલ કિલ્લા પરથી ભારતના સ્વાતંત્ર્ય પર્વે સતત કેટલામી વખત તિરંગો લહેરાવીને તેને સલામી આપી હતી ?

(A) 8મી વખત (B) 9મી વખત (C) 10મી વખત (D) 11મી વખત — (A)

3. સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે વડાપ્રધાનશ્રીએ કરેલી જાહેરાત અનુસાર 'ગતિ–શક્તિ માસ્ટર પ્લાન' સંયુક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ માટેનો કેટલા લાખ કરોડનો પ્રોજેક્ટ છે ?

(A) 50 લાખ કરોડ (B) 60 લાખ કરોડ (C) 80 લાખ કરોડ (D) 100 લાખ કરોડ — (D)

4. વર્તમાન ભારત ઉર્જા આયાત પાછળ કેટલા રૂપિયાથી વધુનો ખર્ચ કરે છે ?

(A) 8 લાખ કરોડ (B) 12 લાખ કરોડ (C) 15 લાખ કરોડ (D) 20 લાખ કરોડ — (B)

5. 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત કેટલી વંદે ભારત ટ્રેનો 75 અઠવાડિયામાં દેશના વિવિધ ભાગોને જોડાશે ?

(A) 70 (B) 75 (C) 80 (D) 95 — (B)

6. કયા દિવસને 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યુ છે ?

(A) 14 ઓગસ્ટ (B) 15 ઓગસ્ટ (C) 16 ઓગસ્ટ (D) 17 ઓગસ્ટ — (A)

7. 15 ઓગસ્ટ, 2021ના રોજ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કયાંથી તિરંગો લહેરાવ્યો હતો ?

(A) ગીર સોમનાથ (B) જૂનાગઢ (C) અમરેલી (D) મોરબી — (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## India- Brazil- South Africa (IBSA)

તાજેતરમાં ભારત દ્વારા 'ભારત– બ્રાઝિલ– દક્ષિણ આફ્રિકા' (India- Brazil- South Africa)ના પર્યટન મંત્રીઓની વર્ચ્યુઅલ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

- ભારત હાલમાં IBSAનું અધ્યક્ષ છે.

### IBSA વિશે

IBSA એ દક્ષિણ–દક્ષિણ સહકાર અને વિનિમય (South- South Cooperation and Exchange)ને પ્રોત્સાહન આપવા માટે ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રિપક્ષીય વિકાસલક્ષી પહેલ છે.

- આ ત્રણેય ભાગીદારો વિકાસશીલ, બહુમતીવાદ, બહુ–સાંસ્કૃતિક, બહુ–વંશીય, બહુભાષી અને બહુ– ધાર્મિક રાષ્ટ્રો છે.
- 6 જૂન, 2003ના રોજ 'બ્રાઝિલલિયા ઘોષણાપત્ર' પર ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના વિદેશ મંત્રીઓએ હસ્તાક્ષર કર્યા હતા ત્યારબાદ આ જૂથને ઔપચારિક બનાવવામાં આવ્યું હતું અને IBSA સંવાદ મંચ/ફોરમ નામ આપવામાં આવ્યું હતું.
- IBSAનું કોઈ મુખ્ય મથક અથવા કાયમી કારોબારી સચિવાલય નથી.
- ઉચ્ચતમ સ્તરે તેને રાજ્ય અને સરકારના વડાઓની સમિટ તરીકે જોવામાં આવે છે.
- અત્યાર સુધીમાં IBSAની પાંચ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે.
- છઠ્ઠી IBSAનું આયોજન ભારત દ્વારા કરવામાં આવનાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સંયુક્ત નૌકા કવાયત

IBSAMAR (IBSA મેરીટાઈમ એક્સરસાઈઝ)એ IBSA ત્રિપક્ષીય સંરક્ષણ સહયોગનો મહત્વનો ભાગ છે.

- આ નૌકા કવાયતની અત્યાર સુધીમાં છ આવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.
- છેલ્લે ઓક્ટોબર, 2018માં દક્ષિણ આફ્રિકાના દરિયા કિનારે યોજાઈ હતી.

### IBSA ફંડ

IBSA ફંડની સ્થાપના વર્ષ 2004માં કરવામાં આવી હતી.

- IBSA ફંડ (ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા ગરીબી અને ભૂખમરો સુવિધા) એક અનન્ય ભંડોળ છે જેના દ્વારા સભ્ય વિકાસશીલ દેશોમાં IBSAના ભંડોળ સાથેના વિકાસ પ્રોજેક્ટ્સ ચલાવવામાં આવે છે.
- આ ફંડનું સંચાલન 'યુનાઈટેડ નેશન્સ ઓફિસ (UN) ફોર સાઉથ–સાઉથ કો–ઓપરેશન' (UNOSSC) દ્વારા કરવામાં આવે છે.
- દરેક IBSA સભ્ય દેશને ફંડમાં વાર્ષિક 1 મિલિયન ડોલરનું યોગદાન આપવું જરૂરી છે.

## IBSAનો મુખ્ય ઉદ્દેશ

- દક્ષિણના દેશોમાં ગરીબી અને ભૂખમરો નાબૂદ કરવો.
- વૈશ્વિક દક્ષિણ દેશોમાં પ્રતિકૃતિ અને સ્કેલેબલ પ્રોજેક્ટ્સના અમલીકરણની સુવિધા દ્વારા ગરીબી અને ભૂખમરા સામેની લડતમાં શ્રેષ્ઠ પ્રયાસો વિકસાવવા.
- વિવિધ ક્ષેત્રમાં તેમના સંબંધોને ગાઢ બનાવવા.
- નવા આંતરરાષ્ટ્રીય સ્થાપત્યના નિર્માણમાં યોગદાન આપવું.

નોંધ : 6 જૂન, 2003ના રોજ જ્યારે 'બ્રઝિલિયા ઘોષણાપત્ર' પર હસ્તાક્ષર થયા હતા ત્યારે ભારતના વિદેશમંત્રી શ્રી યશવંત સિન્હા, બ્રાઝિલના વિદેશમંત્રી શ્રી સેલ્સો એમોરીમ અને દક્ષિણ આફ્રિકાના વિદેશમંત્રી શ્રી નકોસના દલામિની–ઝુમા હતા.

## કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન સેટેલાઈટ ફોનથી સજ્જ ભારતનું પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન બન્યું



આસામમાં સ્થિત કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન સેટેલાઈટ ફોનથી સજ્જ ભારતનું પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન બન્યું છે.

- આસામના મુખ્ય સચિવ શ્રી જીષ્ણુ બરૂઆ દ્વારા લગભગ 10 સેટેલાઈટ ફોન કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન વન કર્મચારીઓને સોંપવામાં આવ્યા હતા.
- 27 મે, 2021ના રોજ આસામના મુખ્યમંત્રી શ્રી હિમંત બિરવા સરમાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.
- કાઝીરંગા નેશનલ પાર્કના એક અધિકારીના જણાવ્યા અનુસાર આ પગલાથી પાર્કમાં શિકારને રોકવાના પગલાઓને વેગ મળશે. આ સેટેલાઈટ ફોનનો ઉપયોગ પાર્કની છ કેટેગરીમાં કરવામાં આવશે, જ્યાં વાયરલેસ કનેક્ટિવિટી નથી અથવા નબળી મોબાઈલ કનેક્ટિવિટી છે.
- આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (ASDMA)એ અંદાજે 16 લાખ રૂપિયાના ખર્ચે પાર્ક માટે સેટેલાઈટ ફોન ખરિદ્યા હતા.
- આ માટેની સેવા BSNL દ્વારા આપવામાં આવશે જ્યારે માસિક ખર્ચ પાર્ક સત્તાવાળાઓ દ્વારા આપવામાં આવશે.

## કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન

કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન આસામ રાજ્યના ગોલાઘાટ, કાર્બી આંગલોંગ અને નાગાંવ જિલ્લાઓમાં ફેલાયેલું છે.

- વિશ્વના બે તૃતીયાંશ જેટલા એક શિંગડાવાળા ગેંડા કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનમાં જોવા મળે છે.
- આ નેશનલ પાર્ક વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે પણ સૂચિબંધ છે.
- વર્ષ 2018ની વસતી ગણતરી મુજબ કાઝીરંગા નેશનલ પાર્કમાં 2413 ગેંડા છે.
- કાઝીરંગામાં સંરક્ષણના પ્રયત્નોનું મોટા ભાગનું ધ્યાન મોટી ચાર પ્રજાતિઓ ગેંડો, હાથી, રોયલ બેંગલ ટાઈગર અને એશિયાઈ જળ ભેંસ (Asiatic Water Buffalo) પર કેન્દ્રીત છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## આસામ પશુ સંરક્ષણ બિલ, 2021

આસામ વિધાનસભાએ 13 ઓગસ્ટ, 2021ના રોજ 'આસામ પશુ સંરક્ષણ બિલ, 2021' (Assam Cattle Preservation Bill, 2021) પસાર કર્યુ હતું.

- 'આસામ પશુ સંરક્ષણ બિલ, 2021' માંસ ન ખાતા સમુદાયો દ્વારા વસવાટ કરતા વિસ્તારોમાં માંસના વેચાણ અને ખરીદી પર પ્રતિબંધ લગાવે છે.
- તે મંદિર અથવા સત્ર (વૈષ્ણવ મઠ)ના 5 કિ.મીના અંતરમાં માંસના વેચાણ અને ખરીદી પર પ્રતિબંધ મૂકે છે.
- આ બિલ આસામ પશુ સંરક્ષણ અધિનિયમ, 1950 ને રદ કરશે.
- આ બિલ પશુઓની કતલ, વપરાશ અને ગેરકાયદેસર પરિવહનને નિયંત્રિત કરવાના હેતુથી પસાર કરવામાં આવ્યું હતું.
- આ બિલ કોઈપણ માન્ય દસ્તાવેજો વગર આસામમાં અને તેના મારફતે પશુઓના આંતરરાજ્ય પરિવહન પર પ્રતિબંધ મૂકે છે.
- આ નવા કાયદા અનુસાર જે કોઈ દોષિત સાબિત થશે તેને ઓછામાં ઓછી 3 વર્ષ અને વધુમાં વધુ 8 વર્ષ સુધીની જેલની સજા થશે. આ ઉપરાંત 5 લાખ રૂપિયા સુધીના દંડની સજા પણ થશે.
- કેરળ, ગોવા, પ.બંગાળ અને પૂર્વોત્તર ભારત સિવાય મોટાભાગના ભારતીય રાજ્યોમાં પશુઓની કતલ વિરૂધ્ધના કાયદા અમલમાં છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# MONDAY Questions

1. IBSA કયા ત્રણ દેશોનું એક જૂથ છે ?

(A) ભારત–બ્રાઝિલ–દક્ષિણ આફ્રિકા (B) ભારત–બાંગ્લાદેશ–દક્ષિણ આફ્રિકા

(C) ભારત–બર્મુડા–દક્ષિણ આફ્રિકા (D) આવું એકપણ જૂથ નથી (A)

2. IBSA નો વર્તમાન અધ્યક્ષ દેશ કયો છે ?

(A) ભારત (B) બ્રાઝિલ (C) દ. આફ્રિકા (D) બાંગ્લાદેશ (A)

3. બ્રાઝિલિયા ઘોષણાપત્ર પર ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાના વિદેશમંત્રીઓએ ક્યારે હસ્તાક્ષર કર્યા હતા. ત્યારબાદ IBSA જૂથ અસ્તિત્વમાં આવ્યું હતું ?

(A) 6 જૂન, 2001 (B) 6 જૂન, 2002 (C) 6 જૂન, 2003 (D) 6 જૂન, 2004 (C)

4. IBSA (India-Brazil- South Africa) નું વડું મથક કયા સ્થળે સ્થિત છે ?

(A) દિલ્હી (B) રિયો–ડિ–જાનેરો

(C) મુંબઈ (D) તેમનું કોઈ મુખ્ય મથક નથી (D)

5. તાજેતરમાં ભારતનો કયો રાષ્ટ્રીય ઉદ્યાન સેટેલાઈટ ફોનથી સજ્જ ભારતનો પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન બન્યો છે ?

(A) મહાત્મા ગાંધી મરીન રાષ્ટ્રીય ઉદ્યાન (B) કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન

(C) માનસ રાષ્ટ્રીય ઉદ્યાન (D) સુન્દરવન રાષ્ટ્રીય ઉદ્યાન (B)

6. કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) ઉત્તરાખંડ (B) આસામ (C) કેરળ (D) તમિલનાડુ (B)

7. તાજેતરમાં આસામ વિધાનસભાએ 'આસામ પશુ સંરક્ષણ બિલ, 2021' પસાર કર્યુ હતું. આ બિલ અંતર્ગત મંદિરના કેટલા કિ.મીના અંતરમાં માસના વેચાણ અને ખરીદી પર પ્રતિબંધ મુકેલ છે ?

(A) 5 કિ.મી (B) 8 કિ.મી (C) 10 કિ.મી (D) 12 કિ.મી (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાત રાજ્યનો 72મો વનમહોત્સવ : ગુજરાતના 21મા સાંસ્કૃતિક વન 'મારુતિ નંદન વન'નું લોકાર્પણ



14 ઓગસ્ટ, 2021ના રોજ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કલગામ ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં 72મા વન મહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.

- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કલગામ ખાતે નિર્માણ પામેલા 'મારુતિ નંદન વન'નું લોકાપર્ણ કરાવ્યું હતું.
- આ નવું લોકાપર્ણ પામેલું 'મારુતિ નંદન વન' ગુજરાતનું 21મું સાંસ્કૃતિક વન છે.
- જ્યાં નારગોલ બીચ પાસે ચાર હેક્ટરમાં 60000 થી વધુ રોપાઓ રોપવામાં આવ્યા છે.
- શ્રી વિજયભાઈ રૂપાણીએ અહીં પવિત્ર શ્રાવણ મહિનામાં શિવપ્રિય 'રુદ્રાક્ષ'ના છોડનું વાવેતર પણ કર્યુ હતું.
- આ ઉપરાંત શ્રી વિજયભાઈ રૂપાણીએ 'ગ્રીન ગુજરાત–કલીન ગુજરાત'નો ખ્યાલ આપીને ગુજરાતના વન વિસ્તારના 15% ગ્રોથને મીયાવાંકી પધ્ધતિથી વધુ આગળ લઈ જવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.
- 72માં વન મહોત્સવ દરમિયાન જિલ્લા દીઠ એક એવા કુલ 33 'વૃક્ષ રથ' દ્વારા ડોર ટુ ડોર રોપા વિતરણ કરવામાં આવ્યા હતા.

નોંધ : (1) ગુજરાત રાજ્યની 8 મહાનગરપાલિકાઓ, 33 જિલ્લાઓ, 250 તાલુકાઓ તથા 5200 ગામોમાં જન ભાગીદારીથી વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

(2) મિયાવાકી પધ્ધતિમાં ખુબ જ નજીક નજીક છોડોનું વાવેતર કરવામાં આવે છે. આ પધ્ધતિ વાવેતર કરેલા છોડો ખુબજ તિવ્રતાથી વધે છે. અને જોત જોતામાં 100 વર્ષે બનતું જંગલ આ પધ્ધતિથી 10 વર્ષમાં તૈયાર થઈ જાય છે.

(3) જાપાનના વનસ્પતિશાસ્ત્રી શ્રી અકીરા મિયાવાકીએ આ પધ્ધતિ વિકસાવી છે.

### વનમહોત્સવની ઉજવણી

ભારતમાં કુલપતિ અર્નાબા પત્ર દ્વારા વર્ષ 1950માં વન મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

- ત્યારબાદ શ્રી કનૈયાલાલ મુનશીએ 1960ના દાયકામાં આ વનમહોત્સવને આંદોલનનું સ્વરૂપ આપ્યું હતું.
- વર્તમાન સમયે ભારતમાં સામાન્ય રીતે દર વર્ષે 1 જુલાઈ થી 7 જુલાઈ દરમિયાન 'વન મહોત્સવ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જોકે વર્ષા ઋતુના આગમન બાદ વનમહોત્સવની ઉજવણી થતી હોવાથી દેશના જુદા–જુદા ભાગોમાં જુદા–જુદા દિવસોમાં તેની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત ગુજરાતમાં તાજેતરમાં 72મા વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી છે.

## ગુજરાતમાં સાંસ્કૃતિક વનોનું નિર્માણ

ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વનમહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં વર્ષ **2004** થી સાંસ્કૃતિક વનોના નિર્માણનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- આ અંતર્ગત ગુજરાતમાં **6 જુલાઈ, 2004**ના રોજ ગાંધીનગરના સેક્ટર– **18** ખાતે સૌપ્રથમ 'પુનિત વન'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.
- પુનિત વનમાં ગ્રહ, નક્ષત્ર, રાશિ, સંસ્કૃતિ અને આસ્થાને કેન્દ્ર બિંદુમાં રાખી જુદા–જુદા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં વર્ષ **2004** સુધી વનમહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે જ થતી હતી.
- પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ **2005**થી એક નવતર અભિગમ અંતર્ગત ગાંધીનગરની જગ્યાએ ગુજરાતના જુદા–જુદા સ્થળોએ વન મહોત્સવની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- આ અંતર્ગત વર્ષ **2005**માં ગાંધીનગર બહાર સૌપ્રથમ ગુજરાતના અંબાજી ખાતે રાજ્યકક્ષાના વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.
- જેમાં **17 જુલાઈ, 2005**ના રોજ અંબાજી ખાતે 'માંગલ્ય વન'નું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં ઓગસ્ટ, **2021** સુધીમાં કુલ **21** સાંસ્કૃતિક વનોનું લોકાપર્ણ કરવામાં આવ્યું છે.

## સાંસ્કૃતિક વનોના મુખ્ય ઉદ્દેશો

- ધાર્મિક અને ઔષધિય વૃક્ષોથી વધુમાં વધુ લોકોને માહિતીગાર કરવા.
- વૃક્ષ આચ્છાદાન હેઠળનો વિસ્તાર વધારવામાં લોકોની સક્રિય ભાગીદારી વધારવી.
- જૈવ વિવિધતા અને પર્યાવરણમાં સુધારો સંવર્ધન કરવું.
- રોજગારી ઉત્પન્ન કરવી.
- પૌરાણીક સંસ્કૃતિથી લોકોને પરિચિત કરવા.
- વૃક્ષ થકી લોક કલ્યાણ અને વૃક્ષો પ્રત્યે લોકોમાં ભાવના જાગૃત કરવી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાતમાં વનમહોત્સવ અંતર્ગત સાંસ્કૃતિક વનોનું નિર્માણ

| ક્રમ | જિલ્લો | સ્થળ | વનનું નામ | વર્ષ | વનમહોત્સવ |
|---|---|---|---|---|---|
| 1 | ગાંધીનગર | સેક્ટર, 18– ગાંધીનગર | પુનિતવન | 2004 | 55મો |
| 2 | બનાસકાંઠા | અંબાજી | માંગલ્યવન | 2005 | 56મો |
| 12 | નવસારી | ભીનાર, વાસંદા | જાનકીવન | 2015 | 66મો |
| 13 | આણંદ | વહેરાખાડી | મહિસાગરવન | 2016 | 67મો |
| 14 | વલસાડ | બાલચૌંઠી | આમ્રવન | 2016 | 67મો |
| 15 | સુરત | મૌતા | એકતાવન | 2016 | 67મો |
| 16 | જામનગર | ભૂચરમોરી | શહીદવન | 2016 | 67મો |
| 17 | સાબરકાંઠા | પાલ–દઢવાલ | વીરાંજલીવન | 2017 | 68મો |
| 18 | કચ્છ | રુદ્રમાતા ડેમ સાઈટ | રક્ષકવન | 2018 | 69મો |
| 19 | અમદાવાદ | ઓઢવ | જડેશ્વરવન | 2019 | 70મો |
| 20 | રાજકોટ | આજીડેમ | રામવન | 2020 | 71મો |
| 21 | વલસાડ | કલગામ (તાલુકો : ઉમરગામ) | મારૂતિ નંદનવન | 2021 | 72મો |

## અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ પર તાલિબાનનું નિયંત્રણ

તાજેતરમાં તાલિબાનોએ અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ પર કબજો કર્યો છે.

- આ સાથે અફઘાનિસ્તાનનો મોટાભાગનો વિસ્તાર તાલિબાનના કબજા હેઠળ આવી ગયો છે.
- તાલિબાને ઘોષણા કરી છે કે કોઈપણ નાગરિક સાથે હિંસા કરવામાં આવશે નહીં અને તે શાંતિપૂર્ણ સંક્રમણ પ્રક્રિયાનો આદર કરશે તથા સાથે સાથે ભાવિ ઈસ્લામિક વ્યવસ્થા તરફ કામ કરશે જે બધાને સ્વીકાર્ય છે.

### તાલિબાન

તાલિબાન એક આંતકવાદી સંગઠન છે જે 1990ના દાયકાની શરૂઆતમાં અફઘાનિસ્તાનમાંથી સોવિયત સૈનિકોને હટાવ્યા બાદ ઉત્તરી પાકિસ્તાનમાં ઉભરી આવ્યું હતું.

- તાલિબાન અત્યારે અફઘાનિસ્તાનમાં કાર્યરત એક ઈસ્લામિક કટ્ટરવાદી રાજકીય અને લશ્કરી સંસ્થા છે.
- તે લાંબા સમયથી અફઘાનિસ્તાનની રાજનીતિમાં મહત્વની સ્થિતિમાં હતું.
- મુલ્લા મોહમ્મદ ઉમર આ આંતકવાદી જૂથના સ્થાપક હતા.
- તાલિબાને વર્ષ 1996 થી 2001 સુધી અફઘાનિસ્તાન પર શાસન કર્યુ હતું.
- આ જૂથે ઓસામા બિન લાદેનને આશ્રય આપ્યો હતો કારણ કે તેણે વર્ષ 2001માં અમેરિકામા થયેલ 9/11 હુમલાની યોજના બનાવી હતી.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

- 11 સપ્ટેમ્બર, 2001ના રોજ અમેરિકામાં થયેલા આતંકવાદી હુમલામાં લગભગ 3,000 લોકો માર્યા ગયા હતા.
- આ હુમલાના લગભગ 1 મહિના પછી અમેરિકાએ અફઘાનિસ્તાન પર હવાઈ હુમલા શરૂ કર્યા હતા.
- આ હુમલા બાદ નાટો ગઠબંધન સૈનિકોએ અફઘાનિસ્તાન સામે યુધ્ધની જાહેરાત કરી હતી.
- ત્યારબાદ થોડા જ સમયમાં અમેરિકાએ તાલિબાન શાસનને ઉથલાવી દીધું હતું અને અફઘાનિસ્તાનમાં સંક્રાતિક સરકાર સ્થાપી હતી.
- વર્ષ 2014 થી અશરફ ગની અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ હતા.
- તાજેતરમાં અમેરિકન સૈન્યએ અફઘાનિસ્તાન છોડ્યા બાદના થોડા મહિનામાં જ તાલિબાનોએ અફઘાનિસ્તાનમાં સત્તાપલ્ટો કરી દીધો છે.
- તાલિબાન અફઘાનિસ્તાનના ગેરકાયદેસર ડ્રગના વેપારમાંથી નાણા કમાય છે. આ ઉપરાંત તેઓ હેરોઈન ઉત્પાદકો પર ટેક્સ લગાવે છે અને તેને નિયંત્રણ કરે છે.
- તાલિબાનની હાલની કમાન હિબ્તુલ્લાહ અખુંદઝાદાના હાથમાં છે તે તાલિબાનનો મુખ્ય નેતા છે.

## HALએ હિન્દુસ્તાન - 228 વિમાનનું પરીક્ષણ કર્યુ

સંરક્ષણ મંત્રાલયના જાહેરક્ષેત્રના ઉપક્રમ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)એ 'હિન્દુસ્તાન– 228' નામના નાગરિક વિમાનનું સફળતાપૂર્વક ગ્રાઉન્ડ ટેસ્ટીંગ કર્યુ છે.

- હિન્દુસ્તાન– 228 વિમાનની ગ્રાઉન્ડ રન અને લો સ્પીડ ટેક્સી ટ્રાયલ (LSTT) કાનપુરમાં HAL સુવિધામાં હાથ ધરવામાં આવી હતી.
- હિન્દુસ્તાન–228 19 સીટર મલ્ટિરોલ યુટિલિટી એરક્રાફ્ટ છે. તે લશ્કરી વિમાન ડોર્નિયર 228ની હાલની ફ્રેમના આધારે બનાવવામાં આવ્યું છે.
- આ નાગરિક સંસ્કરણ વિમાનનો ઉપયોગ એર એમ્બ્યુલન્સ, VIP પરીવહન, પેસેન્જર પરિવહન, કાર્ગો પરિવહન, ફ્લાઈટ નિરીક્ષણ ભૂમિકાઓ અને ફોટોગ્રાફી જેવી મનોરંજક પ્રવૃત્તિઓ માટે કરવામાં આવશે.
- હિન્દુસ્તાન– 228 એરક્રાફ્ટ રિજનલ કનેક્ટિવિટી સ્કીમ–ઉડાનને ટેકો આપવા માટે રચાયેલ છે.
- નોંધ : (1) હિન્દુસ્તાન એરોનોટિકલ લિમિટેડ (HAL)એ સરકારી માલિકીની એરોસ્પેસ અને સંરક્ષણ કંપની છે.

  (2) તેનું મુખ્ય મથક બેંગ્લોર ખાતે સ્થિત છે.

  (3) HALની સ્થાપના 23 ડિસેમ્બર, 1940ના રોજ કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## TUESDAY Questions

1. ઓગસ્ટ 2021 દરમિયાન ગુજરાતમાં કેટલામાં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 70 મા (B) 71 મા (C) 72 મા (D) 73 મા **(C)**

2. 14 ઓગસ્ટ, 2021ના રોજ ગુજરાતમાં 72 માં વન મહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી કયાં કરવામાં આવી હતી ?

(A) કલગામ (B) નવાગામ (C) ઓઢવ (D) દઢવાલ **(A)**

3. 14 ઓગસ્ટ, 21ના રોજ ગુજરાતમાં 72માં વન મહોત્સવની રાજ્યકક્ષાની ઉજવણી કલગામ ખાતે કરવામાં આવી હતી. આ ગામ વલસાડ જિલ્લાના કયા તાલુકામાં આવેલ છે ?

(A) પારડી (B) કપરડા (C) ધરમપુર (D) ઉમરગામ **(D)**

4. 14 ઓગસ્ટ, 2021ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 72મા વન મહોત્સવ અંતર્ગત કયા સાંસ્કૃતિક વનનું લોકાપર્ણ કર્યુ છે ?

(A) મારુતી નંદન વન (B) મહેશ્વર વન (C) રામેશ્વર વન (D) રામવન **(A)**

5. ગુજરાતમાં ઓગસ્ટ, 2021 સુધીમાં કુલ કેટલા સાંસ્કૃતિક વનોનું લોકાપર્ણ કરવામાં આવ્યું છે ?

(A) 20 (B) 21 (C) 22 (D) 23 **(B)**

6. તાલિબાન આતંકવાદી સંગઠન કયા દેશ સાથે સંકળાયેલ છે ?

(A) અફઘાનિસ્તાન (B) બાંગ્લાદેશ (C) મ્યાનમાર (D) ઈરાન **(A)**

7. તાજેતરમાં HALએ કયા નાગરિક વિમાનનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે ?

(A) હિન્દુસ્તાન– 528 (B) હિન્દુસ્તાન– 428 (C) હિન્દુસ્તાન– 338 (D) હિન્દુસ્તાન– 228 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહારાજા રણજીત સિંહ



વર્ષ 2019માં પાકિસ્તાનના પંજાબ પ્રાંતના 'લાહોર કિલ્લા'માં સ્થાપિત મહારાજા રણજીત સિંહની પ્રતિમાંને તાજેતરમાં ધાર્મિક કટ્ટરવાદી સંગઠન 'તહરીક–એ–લબાઈક પાકિસ્તાન' (TLP)ના સભ્ય દ્વારા તોડફોડ કરવામાં આવી હતી.

- લાહોર કિલ્લામાં મહારાજા રણજીત સિંહની પ્રતિમાની સ્થાપના તેમની 180મી પૂણ્યતિથિના અવસરે જૂન, 2019માં કરવામાં આવી હતી.
- આ પ્રતિમા બ્રિટન ખાતેના શીખ હેરિટેજ ફાઉન્ડેશનના સહકારથી વોલ્ડ સિટી ઓફ લાહોર ઓથોરિટી દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી.

### મહારાજા રણજીત સિંહ

મહારાજા રણજીત સિંહનો જન્મ 13 નવેમ્બર 1780ના રોજ ગુજરાનવાલામાં થયો હતો. જે વર્તમાન પાકિસ્તાનમાં સ્થિત છે.

- તેમના પિતાનું નામ શ્રી મહાસિંહ હતું. શ્રી મહાસિંહના મૃત્યુ બાદ વર્ષ 1792માં શ્રી રણજીતસિંહ એક શીખ જૂથ 'શુક્રચકિય'ના વડા બન્યા હતા.
- તેમના રજવાડામાં ગુજરાનવાલા શહેર અને આસપાસના ગામોનો સમાવેશ થાય છે, જે હવે પાકિસ્તાનમાં છે.
- તેમણે મિસ્લોનો અંત લાવીને શીખ સામ્રાજ્યની સ્થાપના કરી હતી.
- તે સમયે પંજાબ પર શક્તિવાળી સરદારોનું શાસન હતું, જેમણે આ પ્રદેશને 'મિસ્લોન'માં વિભાજીત કર્યુ હતું.
- મિસ્લ એ શીખ ફાઉન્ડેશનના સાર્વભૌમ રાજ્યનો ઉલ્લેખ કરે છે. જે ભારતીય ઉપખંડના ઉત્તરીય ભાગમાં પંજાબ વિસ્તારમાં મુઘલ સામ્રાજ્યના પતન પછી 18મી સદી દરમિયાન ઉભરી આવ્યા હતા.
- તેઓએ 19મી સદીના પહેલા ભાગમાં ઉત્તર–પશ્ચિમ ભારતીય ઉપખંડ પર શાસન કર્યુ હતું.
- લાહોર (તેમની રાજધાની)ને અફઘાન આક્રમણકારોથી મુક્ત કરવામાં સફળતા માટે તેમને 'શેર–એ–પંજાબ'ની ઉપાધી આપવામાં આવી હતી.
- તેમણે એ સમયે એશિયાની સૌથી શક્તિશાળી સ્વદેશી સેનાને વધુ મજબૂત બનાવવા માટે પરંપરાગત ખાલસા સેનાને 'પશ્ચિમી આધુનિક હથિયારો' સાથે જોડી હતી.
- તેઓએ તેમના સૈનિકોને તાલીમ આપવા માટે મોટી સંખ્યામાં યુરોપિયન અધિકારીઓ ખાસ કરીને ફ્રેન્ચ અધિકારીઓની નિમણૂક કરી હતી.
- આ ઉપરાંત પોતાની સેનાને આધુનિક બનાવવા માટે એક ફ્રેન્ચ સેનાપતિની નિમણૂક કરી હતી.
- મહારાજા રણજીત સિંહના આંતર–પ્રાદેશિક સામ્રાજ્યમાં કાબુલ, પેશાવર ઉપરાંત લાહોર અને મુલ્તાનના ભૂતપૂર્વ મુઘલ પ્રાંતોનો સમાવેશ થતો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- મહારાજા તેમના ન્યાયી અને બિન સાંપ્રદાયિક શાસન માટે જાણિતા હતા. તેના દરબારમાં હિન્દુ અને મુસ્લિમ બંનેને મહત્વનું સ્થાન આપવામાં આવ્યું હતું.
- તેમણે અમૃતસરના હરમંદિર સાહિબને સોનાથી ઢાંકીને સુવર્ણ મંદિરમાં રૂપાંતરિત કર્યુ હતું.
- પંજાબ પર 40 વર્ષ શાસન કર્યા બાદ જૂન 1839માં લાહોર ખાતે તેમનું અવસાન થયું હતું.
- નોંધ : (1) વર્ષ 2016માં ફ્રાન્સના સેન્ટ ટ્રોપેઝ શહેરમાં મહારાજાની કાંસાની પ્રતિમાનું આદરનું પ્રતિક તરીકે અનાવરણ કરવામાં આવ્યું હતું.
  (2) તેમનું સિંહાસન લંડનના વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યુઝિયમમાં પ્રદર્શિત કરવામાં આવે છે.
  (3) વર્ષ 2018માં લંડને એક પ્રદર્શનનું આયોજન કર્યુ હતું જે શીખ સામ્રાજ્યના ઈતિહાસ અને મહારાજા દ્વારા બનાવેલા આંતરરાષ્ટ્રીય સંબંધો પર કેન્દ્રિત હતું.

## Financial Inclusion Index (FI-Index)

તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંક (RBI)એ સમગ્ર દેશમાં નાણાકીય સમાવેશની હદનું મૂલ્યાંકન કરવા માટે '**Financial Inclusion Index**' (નાણાકીય સમાવેશ સૂચકાંક–FI- Index)ની શરૂઆત કરી છે.

- આ અંતર્ગત માર્ચ 2021ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષમાં વાર્ષિક FI- Index 53.9 છે, જે માર્ચ 2017માં પૂરા થયેલા નાણાકીય વર્ષ દરમિયાન 43.4 હતો.

### નાણાકીય સમાવેશ સૂચકાંક (FI-Index) વિશે

ફાઈનાન્શિયલ ઈન્ક્લુઝન ઈન્ડેક્સને એક વ્યાપક ઈન્ડેક્સ તરીકે કલ્પના કરવામાં આવી છે જેમાં સરકાર અને ક્ષેત્રિય નિયામકો સાથે પરામર્શ કરીને બેન્કિંગ, વીમા, રોકાણ, ટપાલ અને પેન્શન ક્ષેત્રની વિગતો શામેલ છે.

- RBI દ્વારા દર વર્ષે જુલાઈમાં તેને પ્રકાશિત કરવામાં આવશે.
- FI–ઈન્ડેક્સનું નિર્માણ કોઈપણ 'આધાર વર્ષ' (Base Year) વગર કરવામાં આવ્યું છે અને આમ તે નાણાકીય સમાવેશ (Financial Inclusion)ની દિશામાં વર્ષોથી તમામ હિસ્સેદારોના સહિયારા પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.

### લક્ષ્ય

- સમગ્ર દેશમાં નાણાકીય સમાવેશની હદનું મૂલ્યાંકન કરવા માટે નાણાકીય સમાવેશ સૂચકાંક બનાવવો.

### માપદંડ

આ ઈન્ડેક્સ 0 થી 100ની વચ્ચે એક જ સંખ્યામાં નાણાકીય સમાવેશના વિવિધ પાસાઓની માહિતી મેળવે છે.

- જ્યાં 0 સંપૂર્ણ નાણાકીય બાકાતનું પ્રતિનિધિત્વ કરે છે, અને 100 સંપૂર્ણ નાણાકીય સમાવેશને રજૂ કરે છે.
- FI–ઈન્ડેક્સની ગણતરી માટે ત્રણ વ્યાપક પરિમાણો છે જે આ મુજબ છે :

(a) નાણાકીય સેવાઓની એક્સેસ

(b) નાણાકીય સેવાઓનો ઉપયોગ/વપરાશ

(c) ઉત્પાદનોની ગુણવત્તા અને સેવા વિતરણ

INSTITUTE FOR COMPETITIVE EXAMS




- આ પરિમાણોનું વજન / ભાર નીચે મુજબ છે :
  (a) એક્સેસ (પ્રવેશ)– 35%
  (b) વપરાશ– 45%
  (c) ગુણવત્તા– 20%
- આ ઈન્ડેક્સ સેવાઓની એક્સેસ, ઉપલબ્ધતા અને ઉપયોગમાં સરળતા અને સેવાઓની ગુણવત્તા માપવા માટે જવાબદાર છે. જે તમામ 97 સૂચકાંકને આવરી લે છે.

## FI ઈન્ડેક્સનું મહત્વ

આ ઈન્ડેક્સ દેશમાં નાણાકીય સમાવેશના સ્તરની માહિતી આપે છે. અને આંતરિક નીતિ નિર્માણમાં ઉપયોગ માટે નાણાકીય સેવાઓનું મૂલ્યાંકન પૂરું પાડે છે.

- તેનો વિકાસના સૂચકાંકોમાં સંયુક્ત માપ તરીકે ઉપયોગ કરી શકાય છે.
- તે G 20 નાણાકીય સમાવેશ સૂચક જરૂરિયાતોને પૂર્ણ કરવા સક્ષમ છે.
- તે સંશોધકોને નાણાકીય સમાવેશ અને અન્ય મેક્રો–ઈકોનોમિક વેરિયેબલ્સની અસરનો અભ્યાસ કરવાની મંજૂરી આપે છે.

નોંધ : G 20 સૂચકો રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે નાણાકીય સમાવેશ અને ડિજિટલ નાણાકીય સેવાઓની સ્થિતિને માપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સુડોકુના ગોડફાધર શ્રી માકી કાજીનું નિધન

તાજેતરમાં 'સુડોકુના ગોડફાધર' તરીકે જાણીતા જાપાનના શ્રી માકી કાજીનું 69 વર્ષની વયે નિધન થયું છે.

- શ્રી માકી કાજીએ 1980ના દાયકામાં તેમના સામાયિક નિકોલીમાં સુડોકુ પ્રકાશિત કર્યુ હતું.
- ત્યારથી આ લોકપ્રિય રમત જેમાં 9×9 ગ્રીડની દરેક પંક્તિ, સ્તંભ અને ચોરસમાં 1 થી 9 સુધીની સંખ્યાઓ ભરવાની હોય છે. જે સમગ્ર વિશ્વમાં ફેલાયેલી છે.
- આ નંબર પઝલ માટેની ટુર્નામેન્ટ્સ વિશ્વભરમાં યોજાય છે અને એવો અંદાજ છે કે લાખો લોકો દરરોજ આ રમતની વિવિધ આવૃતિઓ રમે છે.
- શ્રી માકી કાજીનો જન્મ વર્ષ 1951માં ઉત્તર જાપાનના 'સોપારો' શહેરમાં થયો હતો.
- જાપાનની કીઓ યુનિવર્સિટીમાં અભ્યાસ છોડી દીધા પછી તેમણે એક પઝલ મેગેઝિન 'નિકોલી'ની સ્થાપના કરી હતી.
- તેમની પ્રથમ આવૃત્તિ ઓગસ્ટ 1980માં પ્રકાશિત થઈ હતી.
- એક દષ્ટિકોણ મુજબ રમત તરીકે 'સુડોકુ'ની ઉત્પતિનો ઈતિહાસ અસ્પષ્ટ છે.
- આ રમતની ઉત્પતિ 18મી સદીના સ્વિસ ગણિતશાસ્ત્રી યુલરને આભારી છે, જ્યારે અન્ય સિંધ્ધાત મુજબ 8મી અથવા 9મી સદીમાં ભારત મારફતે ચીનથી આરબ વિશ્વમાં આવી હતી.

1. તાજેતરમાં પાકિસ્તાનના પંજાબ પ્રાંતના કયા કિલ્લામાં સ્થાપિત મહારાજા રણજીત સિંહની પ્રતિમાને એક ધાર્મિક કટ્ટરવાદી સંગઠને તોડફોડ કરી હતી ?

(A) માલોટ કિલ્લામાં (B) લાહોર કિલ્લામા (C) લાલ કિલ્લામા (D) બાગસર કિલ્લામા — (B)

2. લાહોર કિલ્લામાં મહારાજા રણજીત સિંહની પ્રતિમાને કયા વર્ષે સ્થાપિત કરવામાં આવી હતી ?

(A) 2019 (B) 2018 (C) 2017 (D) 2016 — (A)

3. મહારાજા રણજીત સિંહ નીચેનામાંથી કયા રજવાડા સાથે સંકળાયેલા છે ?

(A) ગુજરાનવાલા (B) શ્રીનગર (C) પેશાવર (D) લખનૌ — (A)

4. મહારાજા રણજીત સિંહ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમના રજવાડામાં ગુજરાનવાલા શહેર (વર્તમાન પાકિસ્તાનમાં)નો સમાવેશ થાય છે.

2. તેમણે મિસ્લોનો અંત લાવીને શીખ સામ્રાજ્યની સ્થાપના કરી હતી.

3. તેઓએ 19મી સદીના પહેલાં ભાગમાં ઉત્તર–પશ્ચિમ ભારતીય ઉપખંડ પર શાસન કર્યુ હતું.

4. તેમણે પોતાની સેનાને આધુનિક બનાવવા માટે એક ફ્રેન્ચ સેનાપતિની નિમણૂક કરી હતી.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 — (D)

5. તાજેતરમાં RBIએ નાણાકીય સમાવેશની હદનું મૂલ્યાંકન કરવા માટે 'FI- Index'ની શરૂઆત કરી છે. આ FI- Indexનું પૂરું નામ જણાવો.

(A) Financial inclusion Index (B) Financial India Index

(C) Future Inclusion Index (D) Future India Index — (A)

6. RBI દ્વારા Financial Inclusion Indexને દર વર્ષે કયા મહિનામાં પ્રકાશિત કરવામાં આવશે ?

(A) નવેમ્બર (B) ડિસેમ્બર (C) ફેબ્રુઆરી (D) જુલાઈ — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 19 ઓગસ્ટ, (1) વિશ્વ ફોટોગ્રાફી દિવસ (World Photography Day)
## (2) વિશ્વ માનવતા દિવસ (World Humanitarian Day)

### વિશ્વ માનવતા દિવસ

સમગ્ર વિશ્વમાં માનવતાવાદી વિચારસરણીનો વ્યાપ વધારવા માટે તેમજ માનવતાવાદી કાર્યોને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 19 ઓગસ્ટના રોજ 'વિશ્વ માનવતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો હેતુ માનવતાવાદી કાર્યો કરનાર લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો પણ છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વર્ષ 2008માં આ દિવસની ઉજવણી માટે મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ 19 ઓગસ્ટ, 2009થી દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2021ની વિશ્વ માનવતા દિવસની થીમ 'The Human Race' છે.

નોંધ : (1) 19 ઓગસ્ટ, 2003ના રોજ બગદાદમાં યુનાઈટેડ નેશન્સ હેડક્વાર્ટર પર બોમ્બ ધડાકામાં ઈરાનના તત્કાલીન સેક્રટરી જનરલ સેર્ગીયો વિયેરા ડી મેલો અને 21 સહાય કામદારોના મૃત્યુ થયા હતા. વિશ્વ માનવતા દિવસ આ ઘટનાને પણ ચિહ્નિત કરે છે.

(2) આ ઘટના બાદ વર્ષ 2009માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 19 ઓગસ્ટને 'વિશ્વ માનવતાવાદી દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યુ હતું.

## ન્યાયધીશોની નિમણૂક માટે કોલેજિયમ સિસ્ટમ

તાજેતરમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI)ની આગેવાની હેઠળ સુપ્રીમ કોર્ટના કોલેજિયમે ન્યાયાધીશોની નિમણૂક માટે સરકારને નવ નામોની ભલામણ કરી છે.

- કોલેજિયમે એક જ પ્રસ્તાવમાં પ્રથમ વખત ત્રણ મહિલા ન્યાયાધીશોની ભાલમણ કરી છે.
- આ ત્રણ મહિલામાં ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ સુશ્રી બેલા ત્રિવેદી, કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશ સુશ્રી બી.વી. નાગરથ અને તેલંગાણા હાઈકોર્ટના ન્યાયધીશ સુશ્રી હિમા કોહલીનો સમાવેશ થાય છે.

### કોલેજિયમ સિસ્ટમ

તે ન્યાયાધીશોની નિમણૂક અને સ્થળાંતરણની વ્યવસ્થા છે.

- કોલેજિયમ સિસ્ટમ સુપ્રીમ કોર્ટના નિર્ણયો દ્વારા વિકસિત થઈ છે. આ સિસ્ટમ સંસદના કાયદા અથવા બંધારણની જોગવાઈ દ્વારા સ્થાપિત નથી.
- સુપ્રીમ કોર્ટ કોલેજિયમની અધ્યક્ષતા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ કરે છે અને તેમાં સુપ્રીમ કોર્ટના અન્ય ચાર વરિષ્ઠ ન્યાયાધીશનો સમાવેશ થાય છે.
- હાઈકોર્ટ કોલેજિયમની અધ્યક્ષતા તેના મુખ્ય ન્યાયાધીશ અને તે હાઈકોર્ટના અન્ય ચાર વરિષ્ઠ ન્યાયાધીશ કરે છે.
- હાઈકોર્ટ કોલેજિયમ દ્વારા નિમણુક કરવા માટે ભલામણ કરાયેલા નામો સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને કોલેજિયમ સિસ્ટમની મંજૂરી પછી જ સરકાર સુધી પહોંચે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક અને ટ્રાન્સફરનો નિર્ણય પણ કોલેજિયમ પોતે જ લે છે. કોલેજિયમ એ પણ નક્કી કરશે કે હાઈકોર્ટના કયા ન્યાયાધીશોને સુપ્રીમ કોર્ટમાં બઢતી મળશે.

## બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના અનુચ્છેદ 124 (2)માં સુપ્રીમ કોર્ટના ન્યાયધીશની નિમણૂક માટેની પ્રક્રિયા દર્શાવવામાં આવી છે.

- જે મુજબ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.
- સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ સર્વોચ્ચ ન્યાયાલયના અન્ય ન્યાયાધીશો અને રાજ્યોના ઉચ્ચ ન્યાયાલયોના ન્યાયાધીશોની સલાહના આધારે કરે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 217 મુજબ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય તમામ ન્યાયધીશની નિમણૂક રાષ્ટ્રપતિ કરશે.
- રાષ્ટ્રપતિ સંબંધિત રાજ્યના રાજ્યપાલ તથા ભારતની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશની સલાહને આધારે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક કરશે. તથા હાઈકોર્ટના અન્ય ન્યાયાધીશોની નિમણૂક રાષ્ટ્રપતિ સંબંધિત રાજ્યની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની સલાહના આધારે કરશે.

## સરકારની ભૂમિકા

જો વકીલને હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશ તરીકે પ્રમોટ કરવામાં આવે તો સરકારની ભૂમિકા ઈન્ટેલિજન્સ બ્યૂરો (IB) દ્વારા તપાસ કરવા સુધી મર્યાદિત હોય છે.

- તે કોલેજિયમ પસંદગી અંગે વાંધો ઉઠાવી શકે છે અને સ્પષ્ટતા પણ માગી શકે છે પરંતુ જો કોલેજિયમ એ જ નામોનું પુનરાવર્તન કરે તો સરકાર બંધારણીય ખંડપીઠના નિર્ણયો હેઠળ તેમને ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવા બંધાયેલ છે.

## કોલેજિયમ સિસ્ટમનો વિકાસ અને 'સલાહ' શબ્દના અર્થઘટન સાથે જોડાયેલ વિવાદ

- રાષ્ટ્રપતિ દ્વારા થતી ન્યાયાધીશોની નિમણૂકના સંબંધમાં રાષ્ટ્રપતિ દ્વારા માંગવામાં આવતી સલાહનું સર્વોચ્ચ ન્યાયાલયે નીચે આપેલા જુદા જુદા ચુકાદાઓમાં જુદું જુદું અર્થઘટન આપેલું છે.

| ક્રમ | ચુકાદાઓ | અર્થઘટન |
|---|---|---|
| 1. | પ્રથમ ન્યાયાધીશ ચુકાદો (1982) | –રાષ્ટ્રપતિને ન્યાયાધીશોની નિમણૂકમાં સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશો દ્વારા આપવામાં આવતી સલાહનો અર્થ ફક્ત વિચાર–વિમર્શ છે, સહમતી નહીં. તેથી આવી સલાહ રાષ્ટ્રપતિને બંધનકર્તા કે માનવી ફરજિયાત રહેશે નહીં. |
| 2. | દ્વિતીય ન્યાયાધીશ ચુકાદો– (1993) | – રાષ્ટ્રપતિને ન્યાયાધીશોની નિમણૂક માટે આપવામાં આવતી સલાહ માનવી ફરજિયાત છે અને સલાહનો અર્થ સંમતિ થાય છે. |

| | | |
|---|---|---|
| | | – તેથી સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ દ્વારા રાષ્ટ્રપતિને ન્યાયાધીશોની નિમણૂકમાં આપવામાં આવેલી સલાહ બંધનકર્તા છે, પરંતુ મુખ્ય ન્યાયાધીશ આવી સલાહ અન્ય બે વરિષ્ઠ ન્યાયાધીશો સાથે વિચાર–વિમર્શ કર્યા બાદ આપશે. |
| 3. | તૃતીય ન્યાયાધીશ ચુકાદો– 1998 | – જે સલાહ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય બે ન્યાયાધીશો દ્વારા રાષ્ટ્રપતિને આપવામાં આવતી હતી તે બદલી ચાર ન્યાયધીશો દ્વારા કરવામાં આવી.<br>– તેથી રાષ્ટ્રપતિ એ મુખ્ય ન્યાયાધીશ અને ચાર અન્ય ન્યાયાધીશોની સલાહ મુજબ નિમણૂક કરવાની રહેશે. જે વ્યવસ્થા 'કોલેજિયમ સિસ્ટમ' તરીકે ઓળખાય છે. |

નોંધ : (1) દ્વિતીય ન્યાયાધીશ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે નિર્ણય આપ્યો હતો કે સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ન્યાયાધીશને જ મુખ્ય ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરી શકશે.

(2) આથી, ઉપરોક્ત બાબત પરથી સ્પષ્ઠ થાય છે કે હાલમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની નિમણૂક જે પધ્ધતિના આધારે કરવામાં આવે છે તેને કોલેજિયમ સિસ્ટમ કહે છે.

(3) કોલેજિયમ સિસ્ટમ એ સર્વોચ્ચ ન્યાયાલયની ન્યાયિક સક્રિયતાનું ઉદાહરણ છે. કારણ કે આવી પધ્ધતિ વિશે બંધારણમાં ઉલ્લેખ નથી , પરંતુ બંધારણનું આખરી અર્થઘટન કરવાની સત્તા સુપ્રીમ કોર્ટની છે જેના આધારે આ સિસ્ટમનો ક્રમિક વિકાસ થયો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## New Development Bank (NDB)

તાજેતરમાં BRICS જૂથની બેઠક દરમિયાન ભારતે પ્રસ્તાવ મુક્યો હતો કે ઉદ્યોગને વેગ આપવા તેમજ સામાજિક માળખાને મજબૂત કરવા માટે 'ન્યુ ડેવલપમેન્ટ બેંક' (NDB)ના કાર્યક્ષેત્રને વિસ્તૃત કરવામાં આવે.

- જેમાં સામાજિક માળખામાં આરોગ્ય, શિક્ષણ અને આવાસ જેવી સામાજિક સેવાઓને ટેકો આપતી સુવિધાઓનું નિર્માણ અને જાળવણીનો સમાવેશ થાય છે.
- ભારત વર્ષ 2021માટે BRICS જૂથની અધ્યક્ષતા કરી રહ્યું છે.

### New Development Bank

વર્ષ 2014માં બ્રાઝિલના ફોર્ટલેઝા ખાતે યોજાયેલી છઠ્ઠી બ્રિક્સ સમિટમાં બ્રિક્સ દેશો દ્વારા સંયુક્ત રીતે સ્થાપવામાં આવેલી બહુપક્ષીય વિકાસ બેંક છે.

- બ્રિક્સ અને અન્ય ઉભરતા અર્થતંત્રમાં નવીનીકરણ અને અત્યાધુનિક ટેકનોલોજી દ્વારા ઝડપી વૃદ્ધિ માટે ઈન્ફ્રાસ્ટ્રકચર અને ટકાઉ વિકાસ પ્રયત્નોને ટેકો આપવા માટે તેની રચના કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક ચીનના શાંઘાઈ ખાતે આવેલુ છે.

## NDBના મુખ્ય ઉદ્દેશો

સભ્યો દેશોના વિકાસને પ્રોત્સાહન આપવું.

- આર્થિક વિકાસને ટેકો આપવો.
- સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવું અને રોજગારીનું સર્જન કરવું.
- વિકાસશીલ દેશો વચ્ચે નોલેજ શેરિંગ પ્લેટફોર્મ બનાવવું.
- તેના મુખ્ય ઉદ્દેશને પરિપૂર્ણ કરવા માટે બેંક લોન, ગેરંટી, ઈક્વિટી ભાગીદારી અને અન્ય નાણાકીય સાધનો દ્વારા જાહેર અથવા ખાનગી પ્રોજેક્ટ્સને ટેકો આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## BRICS

BRICSએ વિશ્વના પાંચ મોટા વિકાસશીલ દેશોનો એક સમૂહ છે. જેમાં....

**B- Brazil**

**R- Russia**

**I- India**

**C- China**

**S- South Africa**




- જેમાંથી ચાર **BRIC** દેશો બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીન દ્વારા **વર્ષ 2006**માં આ સમૂહની સ્થાપના કરવામાં આવી હતી.
- જેમાં વર્ષ 2010માં સાઉથ આફ્રિકા પાછળથી સામેલ થયું હતું આથી તે હવે **BRICS** તરીકે ઓળખાય છે.




1. 'વિશ્વ ફોટોગ્રાફી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 ઓગસ્ટ (B) 18 ઓગસ્ટ (C) 19 ઓગસ્ટ (D) 20 ઓગસ્ટ (C)

2. 'વિશ્વ માનવતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 17 ઓગસ્ટ (B) 18 ઓગસ્ટ (C) 19 ઓગસ્ટ (D) 20 ઓગસ્ટ (C)

3. વર્ષ 2021ની વિશ્વ માનવતા દિવસની થીમ શુ હતી ?

(A) The Human Race (B) Real-Life Hreos

(C) # Not A Target (D) The Life Race (A)

4. તાજેતરમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI)ની આગેવાની હેઠળ સુપ્રીમ કોર્ટના કોલેજિયમે ન્યાયધીશોની નિમણૂક માટે સરકારને કેટલા નામોની ભલામણ કરી છે ?

(A) 6 (B) 7 (C) 8 (D) 9 (D)

5. ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં સુપ્રીમ કોર્ટના ન્યાયધીશની નિમણૂક માટેની પ્રક્રિયા દર્શાવવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 142 (2) (B) અનુચ્છેદ 124 (2)

(C) અનુચ્છેદ 324 (2) (D) અનુચ્છેદ 342 (2) (B)

6. કયા જૂથે વર્ષ 2014માં NDB (New Development Bank)ની સ્થાપના કરી હતી ?

(A) BRICS (B) G 20 (C) G 7 (D) એકપણ નહીં (A)

7. NDB (New Development Bank)નું મુખ્ય મથક કયાં આવેલું છે ?

(A) મુંબઈ (B) ટોક્યો (C) શાંઘાઈ (D) રિયો–ડી–જાનેરો (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# દિવસ મહિમા : 20 ઓગસ્ટ, (1) સદ્‌ભાવના દિવસ (શ્રી રાજીવગાંધી જન્મદિન)
# (2) ભારતીય અક્ષય ઊર્જા દિવસ (Indian Akshay Urja Day)
# (3) વિશ્વ મચ્છર દિવસ (World Mosquito Day)

## વિશ્વ મચ્છર દિવસ

મચ્છરજન્ય રોગો અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 ઓગસ્ટના રોજ 'વિશ્વ મચ્છર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- બ્રિટનના રોનાલ્ડ રોસ નામના એક ડોકટરે ભારતમાં કોલકાતાની પ્રેસિડેન્સી જનરલ હોસ્પિટલમાં કામ કરતી વખતે 20 ઓગસ્ટ, 1897ના રોજ મેલેરિયાનું કારણ એનાફિલિસ મચ્છર હોવાનું શોધી કાઢયું હતું.
- આથી, આ દિવસની યાદમાં સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 ઓગસ્ટ 'વિશ્વ મચ્છર દિવસ' તરીકે ઉજવાય છે.
- વિશ્વ મચ્છર દિવસ 2021ની થીમ 'Reaching the Zero- Malaria Target' (ઝીરો મેલેરિયા લક્ષ્ય સુધી પહોંચવું) છે.

## મચ્છરોથી થતી બીમારીઓ

| બીમારી | કયું મચ્છર કરડવાથી ? |
|---|---|
| મેલેરિયા | માદા એનાફિલિસ |
| ઈન્સેફેલાઈટિસ | ક્યુલેક્સ |
| ડેન્ગ્યુ | એડિસ |
| ચિકનગુનિયા | એડિસ |
| યલો ફિવર | એડિસ |
| ફાઈલેરિયા | એડિસ અને ક્યુલેક્સ |

નોંધ : (1) ભારત સરકારે વર્ષ 2030 સુધીમાં ભારતને 'મેલેરિયા મુક્ત' બનાવવાની યોજના હાથ ધરી છે.

(2) સમગ્ર વિશ્વમાં દર વર્ષે 25 એપ્રિલના રોજ 'વિશ્વ મલેરિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક ગ્રોથ સોસાયટીના નવા અધ્યક્ષ તરીકે શ્રી એન. કે. સિંઘને નિયુક્ત કરવામાં આવ્યા

15માં નાણાપંચના અધ્યક્ષ શ્રી એન. કે. સિંઘને 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક ગ્રોથ' (Institute of Economic Groth Society-IEG)ના નવા અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા છે.

- તેઓ પૂર્વ વડાપ્રધાન શ્રી ડો. મનમોહન સિંઘના સ્થાને અધ્યક્ષ બન્યા છે. જે વર્ષ 1992થી IEGના અધ્યક્ષ હતા.
- શ્રી એન. કે. સિંઘના નામની ભલામણ ડો. મનમોહન સિંઘે IEGની સામાન્ય સભામાં વિચારણા માટે કરી હતી.
- ડો. મનમોહન સિંઘે તેમની સ્વાસ્થ્યની ચિંતાને કારણે આ પદ પરથી રાજીનામુ આપ્યું હતું.
- ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક ગ્રોથ અદ્યતન સંશોધન અને તાલીમ માટે ઉપયોગમાં લેવાતું એક સ્વાયત્ત, બહુશાખાકીય કેન્દ્ર છે.
- શ્રી વી. કે. આર. વી. રાવ દ્વારા વર્ષ 1952માં તેમની સ્થાપના કરવામાં આવી હતી.
- આ સંસ્થામાં સંશોધનને 9 વ્યાપક શાખાઓમાં વર્ગીકૃત કરવામાં આવ્યું છે, જે આ મુજબ છે :

  (1) કૃષિ અને ગ્રામ વિકાસ (2) પર્યાવરણ અને સંશોધન અર્થશાસ્ત્ર (3) વૈશ્વિકકરણ અને વેપાર (4) ઉદ્યોગ, શ્રમ અને કલ્યાણ (5) મેક્રો–ઈકોનોમિક નીતિ (6) વસતી અને વિકાસ (7) આરોગ્ય વીમો (8) સામાજિક પરિવર્તન અને (9) સામાજિક માળખુ.

## દક્ષિણ ચીન સમુદ્રમાં ભારત-વિયેતનામ દ્વારા દરિયાઈ કવાયત હાથ ધરવામાં આવી

ભારતીય નૌસેના અને વિયેતનામ પીપલ્સ નેવીએ બંને દેશો વચ્ચે દરિયાઈ સહયોગના ભાગરૂપે દક્ષિણ ચીન સમુદ્રમાં સંયુક્ત કવાયત હાથ ધરી હતી.

- ભારતીય નૌસેના તરફથી INS રણવિજય અને INS કોરાએ ભાગ લીધો હતો.
- જ્યારે વિયેતનામ તરફથી ફ્રિગેટ VPNS Ly Thai To (HQ-012) એ ભાગ લીધો હતો.
- આ દ્વીપક્ષીય લશ્કરી કવાયત બંને નૌકાદળો દ્વારા વહેંચાયેલા સંબંધોને મજબૂત કરવાના ઉદ્દેશથી હાથ ધરવામાં આવી હતી.
- ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક ગ્રોથ અદ્યતન સંશોધન અને તાલીમ માટે ઉપયોગમાં લેવાતું એક સ્વાયત્ત, બહુશાખાકીય કેન્દ્ર છે.
- ભારત–વિયેતનામ સંરક્ષણ સંબંધોને મજબૂત કરવાની દિશામાં આ એક મહત્વનું પગલું છે.
- બંને નૌકાદળો વચ્ચે નિયમિત દ્વિપક્ષીય ક્રિયાપ્રતિક્રિયાઓએ તેમની આંતર–કાર્યક્ષમતા અને અનુકૂલન ક્ષમતામાં વધારો કર્યો છે.

નોંધ : (1) INS રણવિજય એક નિર્દેશિત મિસાઈલ ડિસ્ટ્રોયર છે. તે રાજપૂત વર્ગની નવીનતમ INS છે.

(2) INS રણવિજય ડિસેમ્બર, 1987ના રોજ કાર્યરત થયું હતું.

(3) INS કોરાએ કોરા વર્ગ મિસાઈલ કોર્વેટનું મુખ્ય જહાજ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-ઓસ્ટ્રેલિયા નેવી માટે 'સંયુક્ત માર્ગદર્શન' દસ્તાવેજ

ભારતીય નૌસેના અને રોયલ ઓસ્ટ્રેલિયન નેવીએ 18 ઓગસ્ટ, 2021ના રોજ "Joint Guidance for the Australia-India Navy Relationship' દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા હતા.

- દસ્તાવેજ પર હસ્તાક્ષર સમારોહ વર્ચ્યુઅલ રીતે ભારતીય નૌકાદળના વડા એડમિરલ શ્રી કરમબીર સિંઘ અને ઓસ્ટ્રેલિયન નૌકાદળના વડા વાઈસ એડમિરલ શ્રી માઈકલ જે. નૂનન વચ્ચે યોજાયો હતો.
- આ દસ્તાવેજ '2020 વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી' સાથે સુસંગત છે.
- પ્રાદેશિક અને વૈશ્વિક સુરક્ષા પડકારોનો સહિયારો અભિગમ સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ સાથે 2020 માટે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને બંને દેશોના વડાપ્રધાનોએ સંમતિ આપી હતી.
- સંયુક્ત માર્ગદર્શન દસ્તાવેજ બંને દેશોની નૌકાદળો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા માટે માર્ગદર્શિકા દસ્તાવેજ તરીકે કામ કરશે.
- આ દસ્તાવેજનો વ્યાપક અવકાશ પરસ્પર સમજણ, પ્રાદેશિક સુરક્ષા માટે સહકાર, પરસ્પર લાભદાયી પ્રવૃત્તિઓમાં સહયોગ અને પરસ્પર ક્રિયાપ્રતિક્રિયા વિકસાવવા પર કેન્દ્રીત છે.




## FRIDAY Questions

1. ભારતમાં 'સદભાવના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 ઓગસ્ટ (B) 19 ઓગસ્ટ

(C) 20 ઓગસ્ટ (D) 21 ઓગસ્ટ

(C)

2. ભારતમાં કોનો જન્મદિન 'સદભાવના દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રીમતી ઈન્દિરા ગાંધી (B) શ્રી રાજીવ ગાંધી

(C) શ્રી અટલ બિહારી બાજપેયજી (D) શ્રી રવીન્દ્રનાથ ટાગોર

(B)

3. 'વિશ્વ મચ્છર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 ઓગસ્ટ (B) 20 ઓગસ્ટ

(C) 21 ઓગસ્ટ (D) 22 ઓગસ્ટ

(B)

4. 'ભારતીય અક્ષય ઊર્જા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 ઓગસ્ટ (B) 21 ઓગસ્ટ

(C) 22 ઓગસ્ટ (D) 23 ઓગસ્ટ

(A)

5. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈકોનોમિક ગ્રોથ સોસાયટીના નવા અધ્યક્ષ તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ?

(A) શ્રી બીરેન સિંઘ (B) શ્રી એન. કે. સિંઘ (C) શ્રી બલબીર સિંઘ (D) શ્રી એમ. કે. સિંઘ

(B)

6. દક્ષિણ ચીન સમુદ્રમાં ભારતે તાજેતરમાં કયા દેશ સાથે દરિયાઈ કવાયત હાથ ધરી હતી ?

(A) બાંગ્લાદેશ (B) વિયેતનામ (C) ઓમાન (D) મ્યાનમાર

(B)

7. તાજેતરમાં દક્ષિણ ચીન સમુદ્રમાં ભારત અને વિયેતનામે દરિયાઈ કવાયત હાથ ધરી હતી. જેમાં ભારતના કયા જહાજે ભાગ લીધો હતો ?

(A) INS રણવિજય (B) INS કોરા

(C) (A) અને (B) બંને (D) INS કલવરી

(C)

8. તાજેતરમાં ભારતે કયા દેશની નેવી સાથે 'સંયુક્ત માર્ગદર્શન' દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા હતા ?

(A) ઓસ્ટ્રેલિયા (B) વિયેતનામ

(C) નાઈઝેરિયા (D) બાંગ્લાદેશ

(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 21 ઓગસ્ટ, વિશ્વ સિનિયર સિટીઝન દિવસ (World Senior Citizen's Day)

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ તીર્થ સ્થળે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહી રૂ. 85 કરોડના યાત્રિક સુવિધાલક્ષી વિવિધ પ્રોજેક્ટોનું લોકાપર્ણ કર્યુ

ભારતના વડાપ્રધાન અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ મહાદેવના પવિત્ર તીર્થ સ્થળે રૂ. 85 કરોડથી વધુના ખર્ચે યાત્રીકોને સુખાકારી, સગવડતા, સુવિધા અને આસ્થા પ્રદાન કરતા ચાર પ્રોજેક્ટનું ઈ–લોકાપર્ણ કર્યુ હતું.

- આ ચાર પ્રકલ્પો (પ્રોજેક્ટ)માં સમુદ્ર દર્શન પથ, સોમનાથ પ્રદર્શન ગેલરી અને જૂના સોમનાથ મંદિર જીર્ણોદ્ધાર નવીનીકરણનું વર્ચ્યુઅલ લોકાપર્ણ તથા પાર્વતી માતાના મંદિરના નિર્માણ માટેનો શિલાયન્સ કર્યો હતો.
- આ કાર્યક્રમમાં કેન્દ્રય ગૃહમંત્રી શ્રી અમિત શાહ, શ્રી લાલ કૃષ્ણ અડવાણી તથા શ્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા.

### લોકાપર્ણ થયેલા પ્રોજેક્ટ

### સમુદ્ર દર્શન પથ

પ્રસાદ યોજના અંતર્ગત રૂ. 45 કરોડના ખર્ચે 'સમુદ્ર દર્શન પથ' અથવા 'સમુદ્ર દર્શન વોક–વે' તૈયાર કરવામાં આવ્યો છે.

- 1.48 કિલોમીટર લંબાઈ ધરાવતો આ સમુદ્ર દર્શન પથ યાત્રીકોને સગવડ ઉપરાંત સ્થાનિકોને રોજગારી પણ આપશે.
- આ સમુદ્ર પથ પરથી સોમનાથ દાદાની સાથે સમુદ્રના દર્શન પણ કરી શકાશે. આ ઉપરાંત સમુદ્રને દૂર સુધી જોઈ શકાય તે માટે દૂરબીન પણ મુકાયું છે.
- આ ઉપરાંત સમુદ્ર દર્શન પથ પર યાત્રીકો સાઈકલિંગ અને વોકિંગ કરી શકે તે માટે ખાસ સાયકલ ટ્રેક પણ બનાવવામાં આવ્યો છે.
- સમુદ્ર દર્શન પથ અથવા વોક–વે ને વધુ સુંદર બનાવવા વોક–વે પર ભારતની સંસ્કૃતિના ચીત્રો તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં મહાભારત, રામાયણ વગેરે પ્રસંગનો સમાવેશ થાય છે.

### સોમનાથ પ્રદર્શન ગેલેરી

સોમનાથ પ્રદર્શન ગેલેરી અથવા સોમનાથ એક્ઝિબિશન કેન્દ્રથી પૌરાણિકતા વિશે અને મંદિર વિશે જાણીને આવનારી પેઢી યુવાનોને વિશેષ માહિતી મળશે.

- આ મ્યુઝિયમમાં ભૂતકાળના ખંડિત અવશેષો અને પથ્થરો જોઈ શકાશે. જેમાં જૂના નાગરશૈલીના સોમનાથ મંદિરની વસ્તુકલાવાળી પ્રતીમાઓ હશે.
- આ ઉપરાંત મ્યુઝિયમમાં ભૂતકાળમાં મંદિર પર ઘટેલી ઐતિઆસિક ઘટનાઓનું સાહિત્ય પણ મળી રહેશે તથા જૂના ફોટોગ્રાફસ અને વિવિધ પુસ્તકો પણ જોવા મળશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જુના સોમનાથ મંદિરનો જિર્ણોદ્ધાર

આ પ્રોજેક્ટ અંતર્ગત જૂના સોમનાથ મંદિરનો જિણોદ્ધાર કરવામાં આવ્યો છે.

- 3.5 કરોડના ખર્ચે જૂના સોમનાથ મંદિર પરિસરનો વિકાસ કરી નવી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.
- યાત્રાળુઓની સુરક્ષા અને સંવર્ધિત ક્ષમતા માટે સમગ્ર જૂના મંદિરના પરિસરનો સમગ્ર રીતે પુનઃવિકાસ કરવામાં આવ્યો છે.
- મંદિરમાં યાત્રીકો સરળતાથી પ્રવેશ કરી શકે એ માટે વિશાળ ખુલ્લુ પરિસર અને પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યું છે.
- આ મંદિર ઈન્દોરના મહારાણી અહિલ્યાબાઈ દ્વારા બનાવ્યું હોવાથી તેમની પ્રતિમા પણ મૂકવામાં આવી છે.

નોંધ : આ મંદિરને અહિલ્યાબાઈ મંદિર તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે તે સમયે ઈન્દોરના રાણી અહિલ્યાબાઈ દ્વારા બાંધવામાં આવ્યું હતું.

## પાર્વતી માતાનું મંદિર

સોમનાથ તીર્થમાં શિવ અને શક્તિના સમન્વય રૂપ નિર્માણ થનાર પાર્વતી માતાનું મંદિર 71 ફૂટની ઉંચાઈ ધરાવતું હશે. તથા આ મંદિર અંબાજી પંથકના સફેદ આરસપહાણ પથ્થરોનું બનેલું હશે.

- આ મંદિરની પ્લેન્થ એરિયા 18,891 ચોરસ ફૂટ સાથે 64 કોલમ એટલે કે પિલરનું બાંધકામ કરવામાં આવશે.
- સંપૂર્ણ મંદિર 2 થી 3 વર્ષમાં બની જવાનો અંદાજ છે.
- આ મંદિરના સભા મંડપનું લેવલ હાલના સોમનાથ મંદિર સમકક્ષ હશે.

નોંધ : (1) પાર્વતી માતાના મંદિરના નિર્માણ માટે શ્રી ભીખુભાઈ ધામેલિયાના પરીવાર તરફથી દાન મળ્યું છે.

(2) શ્રી ભીખુભાઈ ધામેલિયા સુરતના હીરા ઉદ્યોગપતિ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રસાદ યોજના

પ્રસાદનું પૂરું નામ 'Pilgrimage Rejuvenation and Spiritual Augmentation Drive' છે.

- પર્યટન મંત્રાલય દ્વારા વર્ષ 2014-15માં 'તીર્થયાત્રા કાયાકલ્પ અને આધ્યાત્મિક ઉન્નતિ પરનું રાષ્ટ્રીય મિશન' ઓળખાયેલ તીર્થસ્થળોના સર્વાંગી વિકાસના ઉદ્દેશ સાથે શરૂ કરવામાં આવ્યું હતું.
- ઓક્ટોબર 2017માં આ યોજનાનું નામ બદલીને 'યાત્રાધામ કાયાકલ્પ અને આધ્યાત્મિક વારસો પ્રચાર અભિયાન (એટલે કે પ્રસાદ) રાષ્ટ્રીય મિશન' કરવામાં આવ્યું હતું.
- આ યોજનાના મુખ્ય ઉદ્દેશ નીચે મુજબ છે :

(a) મહત્વપૂર્ણ રાષ્ટ્રીય/ વૈશ્વિક યાત્રાધામ અને ધરોહર સ્થળોનું કાયાકલ્પ અને આધ્યાત્મિક વૃધ્ધિ કરવી.

(b) સમુદાય આધારિત વિકાસને અનુસરવુ અને સ્થાનિક સમુદાયોમાં જાગૃતિ લાવવી.

(c) રોજગાર ઉત્પન્ન કરવા માટે હેરિટેજ સિટી, સ્થાનિક કલા, સંસ્કૃતિ, હસ્તકલા વગેરેનો વિકાસ કરવો.

(d) માળખાકીય ખામીઓને દૂર કરવા માટે મિકેનિઝમ્સને મજબૂત બનાવવી.

## સોમનાથ મંદિર વિશે

- ભારતના 12 જ્યોતિર્લિંગમાનું પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર ગીર–સોમનાથ જિલ્લામાં આવેલું છે.
- લોકવાયકા મુજબ આ સોમનાથ મંદિર ચંદ્રએ સોનાનું, રાવણે ચાંદીનું, ભગવાન શ્રી કૃષ્ણએ સુખડનું અને ભીમદેવ પ્રથમે પથ્થરનું બંધાવ્યું હતું.
- ઈ.સ. 1026માં મહમદ ગઝનીએ તેમજ ઈ.સ. 1299માં અલાઉદ્દીન ખિલજીએ સોમનાથ મંદિર ધ્વંશ કર્યુ હતું.
- સોમનાથ મંદિરના રક્ષણ અર્થે શ્રી હમીરજી ગોહીલ વીરગતિ પામ્યા હતા. તેઓ લાઠીના રાજવી હતા.
- સોમનાથ મંદિર 'હિરણ', 'કપિલા' અને 'સરસ્વતી' નદીના સંગમ સ્થાને આવેલ છે.
- આ મંદિર નાગર (ચાલુક્ય) શૈલ મંદિર છે તેમજ મંદિરનું ત્રૈકુટાચલ આકારમાં નિર્માણ થયું છે.
- ઈ.સ. 649ની સાલમાં મૈત્રક રાજાએ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી તેના સ્થાને બીજું મંદિર બંધાવ્યું હતું.
- પરમાર વંશના એક શિલાલેખ મુજબ માળવાના ભોજ પરમારે અહીં મંદિર બંધાવ્યું હતું.
- પ્રતિહાર રાજા નાગ ભટ્ટ બીજાએ ઈ.સ. 815માં ત્રીજી વખત લાલ પથ્થરનો ઉપયોગ કરી મંદિરનું નિર્માણ કરાવ્યું હતું.
- ભીમદેવ પ્રથમે ઈ.સ. 1027માં પથ્થરના મંદિરનું નિર્માણ કરાવ્યું હતું.
- સ્વતંત્રતા બાદ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે 13 નવેમ્બર, 1947ના રોજ મંદિરનું પુનઃનિર્માણ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.
- આજના સોમનાથ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા 11 મે, 1951ના દિવસે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદે કરી હતી.
- સોમનાથ મંદિરના સ્થપતિ શ્રી પ્રભાશંકર સોમપુરા હતા.
- સોમનાથ મંદિરને કૈલાસ મહામેરુ પ્રસાદ તરીકે ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સોમનાથ મંદિરનું નિર્માણ

| | |
|---|---|
| ચંદ્ર | સોનાનું |
| રાવણ | ચાંદીનું |
| ભગવાન શ્રીકૃષ્ણ | સુખડનું |
| ભીમદેવ પ્રથમ | પથ્થરનું |

## DCGIએ 'ZyCov-D' રસીને ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી

ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI)એ ઝાયડસ કેડિલા નિર્મિત 'ZyCov-D' કોવિડ રસીને ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી છે.

- વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયના જણાવ્યા અનુસાર 'ZyCov-D' રસી વિશ્વની પ્રથમ અને ભારતની સ્વદેશી રીતે વિકસિત DNA આધારિત Covid-19 રસી છે.

- તેનો 12 વર્ષથી વધુ ઉંમરના બાળકો અને પુખ્ત વયના લોકો માટે ઉપયોગ કરવામાં આવશે.
- ઝાયડસ કેડિલાએ મિશન કોવિડ સુરક્ષા હેઠળ બાયોટેકનોલોજી વિભાગ સાથે ભાગીદારીમાં આ રસી વિકસાવી છે.
- તેનો અમલ 'Biotechnology Industry Research Council' (BIRAC) દ્વારા કરવામાં આવશે.
- ZyCov-Dએ ત્રણ ડોઝવાળી DNA પ્લાઝમિડ આધારિત Covid-19 રસી છે.
- જ્યારે તેને શરીરમાં ઈન્જેક્ટ કરવામાં આવે છે ત્યારે તે SARS-CoV-2 વાયરસનું સ્પાઈક પ્રોટીન ઉત્પન્ન કરે છે અને રોગપ્રતિકારક પ્રતિક્રિયા ઉત્તેજીત કરે છે.
- આ તે Covid-19 સામે રક્ષણ અને વાયરલ ક્લિયરન્સમાં મહત્વની ભૂમિકા ભજવે છે.
- આ રસી માટે ફેઝ– 3 ક્લિનિકલ ટ્રાયલ 28,000 થી વધુ સ્વયંસેવકોમાં હાથ ધરવામાં આવી હતી.
- જેમાં RT-PCR પોઝિટિવ કેસોમાં 66.6%ની પ્રાથમિક અસરકારકતા જોવા મળી હતી.

નોંધ : (1) ઝાયડસ કેડિલાને 'કેડિલા હેલ્થકેર લિમિટેડ' તરીકે પણ ઓળખવામાં આવે છે. જે અમદાવાદ ખાતે સ્થિત છે.

(2) વર્ષ 1952માં શ્રી રમણભાઈ પટેલે આ કંપનીની સ્થાપના કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## SATURDAY Questions

1. 'વિશ્વ સિનિયર સિટીઝન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 19 ઓગસ્ટ (B) 20 ઓગસ્ટ (C) 21 ઓગસ્ટ (D) 22 ઓગસ્ટ (C)

2. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ તીર્થ સ્થળે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને કેટલા કરોડના યાત્રિક સુવિધાલક્ષી પ્રોજેક્ટનું ઈ–લોકાર્પણ કરાવ્યું હતું ?

(A) 85 કરોડ (B) 96 કરોડ (C) 102 કરોડ (D) 110 કરોડ (A)

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ મંદિર ખાતે વિવિધ પ્રોજેક્ટનું ઈ–લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં નીચેનામાંથી કઈ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે ?

(A) સમુદ્ર દર્શન પથ

(B) સોમનાથ પ્રદર્શન ગેલરી

(C) જૂના સોમનાથ મંદિરનો જિર્ણોદ્ધાર

(D) ઉપરોક્ત તમામ (D)

4. સોમનાથ મંદિર ખાતે પાર્વતી માતાના મંદિરનું નિર્માણ થનાર છે જેના મુખ્ય દાતા ________ છે.

(A) શ્રી ભીખુભાઈ ધામેલીયા

(B) શ્રી જે.ડી. પરમાર

(C) શ્રી પ્રભાશંકર સોમપૂરા

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (A)

5. DCGIએ ઝાયડસ કેડિલા દ્વારા નિર્મિત કઈ રસીને ઈમર્જન્સી ઉપયોગ માટે મંજૂરી આપવામાં આવી છે ?

(A) NV-COV-D (B) MV-COV-D (C) ZyCov-D (D) ZNCov-D (C)

6. દવા બનાવતી કંપની ઝાયડસ કેડિલા કયા સ્થળે સ્થિત છે ?

(A) મુંબઈ (B) રાજકોટ (C) અમદાવાદ (D) ભાવનગર (C)

7. ઝાયડસ કેડિલા ફાર્માસ્યુટિકલ કંપની સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) ઝાયડસ કેડિલાને 'કેડિલા હેલ્થકેર લિમિટેડ' તરીકે પણ ઓળખવામાં આવે છે. જે અમદાવાદ ખાતે સ્થિત છે.

(B) વર્ષ 1952માં શ્રી રમણભાઈ પટેલે આ કંપનીની સ્થાપના કરી હતી.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **ગુજરાત હાઈકોર્ટમાં ઈ-સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું**

સુપ્રીમ કોર્ટની ઈ–કમિટી દ્વારા નક્કી કરાયેલી માર્ગદર્શિકા મુજબ હાઈકોર્ટમાં ઈ–સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. હાઈકોર્ટના ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગના રજીસ્ટ્રારના જણાવ્યા અનુસાર સમગ્ર દેશમાં ગુજરાત હાઈકોર્ટમાં સૌપ્રથમ પેપરલેસ (કાગળ વિહીન) કાર્યની શરૂઆત કરવામાં આવી છે. આ માટે હાઈકોર્ટમાં ઈ–મેઈલ માય સ્ટેટની સુવિધા શરૂ કરવામાં આવી છે. ઈ–સેવા કેન્દ્રની મદદથી રાજ્યના કોઈપણ વ્યક્તિને કોઈપણ કેસની માહિતી કે સ્ટેટ્સ ઈ–મેઈલ એડ્રેસ કે મોબાઈલ દ્વારા ઉપલબ્ધ થશે. ઈ–સેવા કેન્દ્ર થકી દરેક વ્યક્તિને તેના કેસની વિગત દર મુદતે મળશે તથા તેની બાબતમાં હાઈકોર્ટના ઓર્ડર કે ચુકાદાની નકલ તેને ઈ–મેઈલથી મોકલશે.

➤ **ભાવનગરથી દિલ્હી, સુરત અને મુંબઈની સ્પાઈસ જેટની વિમાનની સેવાની શરૂઆત**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને કેન્દ્રીય ઉડ્ડયનમંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ભાવનગરથી દિલ્હી, સુરત અને મુંબઈની સ્પાઈસ જેટની વિમાની સેવાની શરૂઆત વર્ચ્યુઅલ ફ્લેગ ઓફ કરીને કરાવી છે. ભાવનગર જિલ્લામાં શીપ બ્રેકિંગ યાર્ડનો મોટો બિઝનેસ ચાલે છે. આ ઉપરાંત તાજેતરમાં જાહેર કરેલ 'વ્હીકલ સ્ક્રેપ પોલીસી'નો મોટો લાભ ભાવનગર જિલ્લાને થવાનો છે. ભાવનગર શહેર અગાઉ જમીન માર્ગ અને જળમાર્ગથી જોડાયેલું હતું હવેથી હવાઈ માર્ગે પણ જોડાઈ ગયું છે. આમ, ત્રણેય પ્રકારની સેવાઓ ભાવનગરમાં ઉપલબ્ધ થઈ છે.

➤ **સ્ટેચ્યુ ઓફ યુનિટી પર FM રેડિયો સ્ટેશનનું લોન્ચિંગ**

15 ઓગસ્ટ, 2021ના રોજ 75માં સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 90 FMનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત સ્ટેચ્યુ ઓફ યુનિટીના 15 થી 20 KMના એરિયામાં રેડિયોની 90 FMની ફ્રિકવંશી પર સાંભળી શકાશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના આદિવાસીઓ રેડિયો જોકી બન્યા છે. રેડિયો જોકી માટે સોફ્ટવેર અને હાર્ડવેર સાથે કેવી રીતે કામ કરવું એની તેમને સ્પેશિયલ ટ્રેનિંગ પણ આપવામાં આવશે. હવે અહીં આવતા પ્રવાસીઓ FM રેડિયો પર સ્થાનિક રેડિયો જોકી દ્વારા આ વિસ્તારની માહિતી, દેશભક્તિ ગીતો અને પ્રેરણાદાયી ગીતો સાંભળી શકશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **શ્રીમતી સુભદ્રા કુમારી ચૌહાણ**

તાજેતરમાં શ્રીમતી સભદ્રા કુમારી ચૌહાણને તેમની 117મી જન્મ જયંતિ પર ગુગલે એક ડૂડલ બનાવીને સન્માનિત કર્યા હતા. શ્રીમતી સભદ્રા કુમારી ચૌહાણ એક મહાન કવિ અને સ્વાતંત્ર્ય સેનાની હતા. તેમનો જન્મ 16 ઓગસ્ટ, 1904ના રોજ ઉત્તરપ્રદેશના અલ્હાબાદ ખાતે થયો હતો. વર્ષ 1921માં શ્રીમતી સુભદ્રા કુમારી ચૌહાણ અને તેમના પતિ શ્રી ઠાકુર લક્ષ્મણસિંહ ચૌહાણ અસહકાર આંદોલનમાં જોડાયા હતા. તેઓ નાગપુરમાં ધરપકડ કરાયેલી પ્રથમ મહિલા સત્યાગ્રહી હતા. શ્રીમતી સુભદ્રા કુમારી ચૌહાણે હિન્દી કવિતાઓમાં ઘણી લોકપ્રિય રચનાઓ લખી છે. તેમની સૌથી પ્રસિધ્ધ કૃતિ 'ઝાંસીકી રાની' છે, જે રાણી લક્ષ્મીબાઈના જીવનને વર્ણવતી કવિતા છે. તેમની અન્ય કૃતિઓમાં ત્રિધારા, મુકુલ, યે કદંબવૃક્ષ, સીધા ચીત્રો, મારૂં નવું બાળપણ અને છૂટા છવાયા મોતી વગેરે છે.

➤ **વન ધન ઉત્પાદક કંપનીઓ**

આદિજાતિ બાબતોના મંત્રાલયે આગામી પાંચ વર્ષમાં તમામ રાજ્યોમાં વન ધન કાર્યક્રમ અંતર્ગત મહત્વકાંક્ષી જિલ્લાઓની અગ્રતા સાથે 200 'વનધન' ઉત્પાદક કંપનીઓ સ્થાપવાની યોજના બનાવી રહી છે. મહત્વકાંક્ષી જિલ્લાઓ ભારતના તે જિલ્લાઓ છે જે નબળા સામાજિક–આર્થિક સૂચકાંકોથી પ્રભાવિત છે. 'વનધન' કાર્યક્રમ આદિજાતિ સ્વ–સહાય જૂથોની રચના કરવા અને તેમને આદિવાસી ઉત્પાદક કંપનીઓમાં મજબૂત કરવા માટે એક બજાર સાથે જોડાયેલ આદિવાસી સાહસિકતા વિકાસ કાર્યક્રમ છે. આ પહેલ વન ધન એટલે કે વન ધનનો ઉપયોગ કરીને આદિવાસીઓ માટે આજીવિકા પેઢીને લક્ષ્ય બનાવે છે. આ યોજના વર્ષ 2018માં પ્રધાનમંત્રી વનધન યોજના (DMVDY) તરીકે શરૂ કરવામાં આવી હતી. તેનું અમલીકરણ આદિવાસી સહકારી માર્કેટિંગ ડેવલપમેન્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **BPCLએ ડીઝલની ડોર-ટુ-ડોર ડિલવરી શરૂ કરી**

ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)એ વધતી માંગને પહોંચી વળવા માટે 'હાઈ સ્પીડ ડીઝલ' ની ડોર–ટુ–ડોર ડિલિવરી શરૂ કરી છે. BPCLએ પુર્વીય ક્ષેત્રોમાં સ્વતંત્રતાના દિવસની પુર્વસંધ્યાએ 15 મોબાઈલ ટેન્કરો પણ સમર્પિત કર્યા હતા. મોબાઈલ ડિસ્પેન્સરનો ઉપયોગ કરીને ડોર–ટુ–ડોર ડિલિવરી પહેલને કારણે સમગ્ર ઉદ્યોગમાં બે વર્ષમાં 1588 ફ્યુઅલકાર્ટ્સ અને 129 ફ્યુએલન્ટ્સ ચાલુ થયા છે. ફ્યુઅલકાર્ટ વેપારમાં સરળતાથી દષ્ટિ સાથે ગ્રાહકો માટે ઓપરેશનલ કાર્યક્ષમતા વધારવામાં મદદ કરે છે. હાઈસ્પીડ ડીઝલ સામાન્ય રીતે મધ્યમ અને હાઈસ્પીડ કમ્પ્રેશન ઈગ્નીશન એન્જિનમાં બળતણ તરીકે ઉપયોગમાં લેવાય છે જે 750 RPMથી ઉપર કાર્ય કરે છે. તેનો ઉપયોગ વ્યાપારી વાહનો, લોકોમોટિવ્સ, થિર ડીઝલ એન્જિન અને પંપ વગેરેમાં થાય છે.

➤ **2024 સુધીમાં 6 લાખ ગામોને ઈન્ટરનેટ કનેક્ટિવિટી મળશે.**

કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા રાજ્ય મંત્રી શ્રી રાજીવ ચંદ્રશેખરના જણાવ્યા અનુસાર ભારત નેટ પ્રોગ્રામ હેઠળ 2024 સુધીમાં ભારતના 6 લાખ ગામોને ઈન્ટરનેટ કનેક્ટિવિટી મળશે. શ્રી રાજીવ ચંદ્રશેખરના જણાવ્યા અનુસાર અત્યારસુધીમાં લગભગ 2.8 લાખ ગામોમાં ઈન્ટરનેટની સુવિધા મળી છે. કેન્દ્ર સરકાર દરેક પરિવાર માટે ઈન્ટરનેટ સુવિધા પૂરી પાડવા અને ઓછા ખર્ચે ઉપકરણ સાથે પરિવારના દરેક સભ્ય માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરવાની તેના ઉદ્દેશ્ય તરફ કામ કરી રહી છે. કેન્દ્ર સરકારે ડિજિટલ વિલેજ પ્રોગ્રામ શરૂ કર્યો છે જે અંતર્ગત દરેક જિલ્લાના એક ગામને વધુ સારી ઈન્ટરનેટ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવશે. ભારતમાં અત્યાર સુધીમાં 5,000 ડિજિટલ ગામો વિકસાવવામાં આવ્યા છે.

➤ **તપાસ (TAPAS) પહેલ**

તાજેતરમાં સામાજિક ન્યાય અને અધિકારિકતા મંત્રાલયે એક ઓનલાઈન પોર્ટલ 'ઉત્પાદક્તા અને સેવાઓ તાલીમ' (Traning for Augmenting Productivity and Services- TAPAS) શરૂ કર્યુ છે. તે હિસ્સેદારોની ક્ષમતા નિર્માણ માટે સામાજિક સંરક્ષણ ક્ષેત્ર વિવિધ અભ્યાસક્રમો પ્રદાન કરે છે. જે રાષ્ટ્રીય સામાજિક સુરક્ષા સંસ્થા (NISD)ની પહેલ છે. તે એક પ્રમાણભૂત વિશાળ ઓપન ઓનલાઈન કોર્સ (Mooc) પ્લેટફોર્મ છે. જેમાં ફિલ્માંકન વ્યાખ્યાનો અને ઈ–અભ્યાસ સામગ્રી જેવી કોર્સ સામગ્રી છે. તેમા વિદ્યાર્થીઓ અને અભ્યાસક્રમના સંયોજકોને પ્રોત્સાહિત કરવા તેમની સાથે વાતચીત કરવા માટે ચર્ચા મંચનો પણ સમાવેશ થાય છે. આ પ્લેટફોર્મ વિડિયોઝ, ગ્રંથો, સ્વ મૂલ્યાંકન અને ચર્ચાઓને અભિગમ સાથે વિકસાવવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **Student Enterpreneurship Program 3.0**

વિદ્યાર્થી સાહસિકતા કાર્યક્રમ 3.0 (Student Enterpreneurship Program 3.0)ની ત્રીજી શ્રેણી 16 ઓગસ્ટ 2021ના રોજ 'અટલ ટિંકરિંગ લેબ્સ' (ATL)ના યુવા સંશોધકો માટે શરૂ કરવામાં આવી છે. આ કાર્યક્રમ અટલ ઈનોવેશન મિશન (AIM) નીતિ આયોગ દ્વારા 'La Foundation Dassault Systemes'ના સહયોગથી શરૂ કરવામાં આવ્યો છે. SEP 3.0ની થીમ 'Made in 3D- seed the Future Enterpreneurs Program' છે. વર્ષ 2017માં 'લા મેઈન લા પાટે ફાઉન્ડેશન' અને 'લા ફાઉન્ડેશન ડેસોલ્ટ સિસ્ટમસ, યુરોપ' દ્વારા આ થીમની કલ્પના કરવામાં આવી હતી અને ફ્રાન્સમાં લોન્ચ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ હેઠળ 6 વિદ્યાર્થીઓ અને એક શિક્ષકનો સમાવેશ કરતી દરેક શાળામાંથી એક ટીમ તેમના પોતાના સ્ટાર્ટ–અપ અને ડિઝાઈન બનાવવા માટે બીન ભંડોળ ફાળવવામાં આવશે. તેઓ 3D પ્રિન્ટિંગનો ઉપયોગ કરીને તેમની નવીનતાને પ્રોટોટાઈપ પણ કરી શકે છે, પ્રોડક્ટના ભાવો નક્કી કરી શકે છે, માર્કેટિંગ ઝુંબેશ ડિઝાઈન કરી શકે છે અને વિસ્તરણ વ્યૂહરચના પણ બનાવી શકે છે. આ કાર્યક્રમ દ્વારા શિખવવામાં આવશે કે કેવી રીતે સ્ટાર્ટઅપ કામ કરે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ **અફઘાનિસ્તાન માટે કટોકટી વિઝા**

તાજેતરમાં ભારત સરકારે ભારતમાં પ્રવેશ માટે તાત્કાલિક અરજીઓ સરળ બનાવવા માટે ઈલેક્ટ્રોનિક વિઝાની વિશેષ શ્રેણી 'e-Emergency x- Misc Visa' સંબંધિત નવા નિયમો રજૂ કર્યા છે. આ નવી વિઝા જોગવાઈઓ ખાસ કરીને અફઘાન નાગરિકો માટે રજૂ કરવામાં આવી છે. કારણ કે તાલિબાનના કબજા બાદ અફઘાનિસ્તાનની સ્થિતિ ખૂબ જ ચિંતાજનક બની છે. આ પ્રકારના વિઝા વિદેશી નાગરિકોને આપવામાં આવે છે જેઓ વિઝાની હાલની શ્રેણીઓમાં સમાવિષ્ટ નથી, પરંતુ ચોક્કસ કટોકટીના કારણે તાત્કાલિક ભારત આવવુ જરૂરી છે. આમ સિંગલ–એન્ટ્રી વિઝા સામાન્ય રીતે ભારતીય મિશનો/કેન્દ્ર દ્વારા વ્યાજબી સમયગાળા માટે જારી કરવામાં આવે છે.

➤ **યુનાઈટ અવેયર પ્લેટફોર્મ**

તાજેતરમાં ભારતે યુનાઈટેડ નેશન્સના સહયોગથી વિશ્વભરમાં કામ કરતા 'શાંતી રક્ષકો'ની સલામતી સુનિશ્ચિત કરવા માટે એક ટેકનોલોજી પ્લેટફોર્મ શરૂ કર્યુ છે. ભારતે ઓગસ્ટ મહિના માટે 'યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ'નું અધ્યક્ષપદ સંભાળ્યા બાદ યુનાઈટ અવેયર પ્લેટફોર્મનું લોન્ચીંગ કર્યુ છે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ વિસંગત જોખમો શોધવા માટે આધુનિક સર્વેલન્સ ટેકનોલોજીની અસર દર્શાવવાનો છે. ભારતે યુનાઈટેડ નેશન્સના શાંતિ અભિયાન સંચાલન વિભાગ અને ડિપાર્ટમેન્ટ ઓફ ઓપરેશનલ સપોર્ટ સાથે ભાગીદારીમાં આ ટેકનોલોજી પ્લેટફોર્મ વિકસાવ્યું છે. ભારતે આ પ્રોજેક્ટ માટે 1.64 મિલિયન ડોલરનું યોગદાન આપ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **આરોગ્ય ધારા 2.0**

આયુષ્માન ભારત–જન આરોગ્ય યોજનાની પહોંચ વધારવા માટે આરોગ્ય મંત્રી શ્રી મનસુખ માંડવિયાએ 18 ઓગસ્ટ 2021ના રોજ આરોગ્ય ધારા 2.0 લોન્ચ કરી હતી. આરોગ્ય ધારા 2.0 આયુષ્યમાન ભારત યોજના વિશે વધુ જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરશે. આ પ્રસંગે આરોગ્ય મંત્રીએ અધિકારપત્ર, આયુષ્યમાન મિત્ર અને અભિનંદન પત્ર નામની ત્રણ પહેલ શરૂ કરી હતી. લાભાર્થીઓને PM- JAY યોજના હેઠળ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે ત્યારે અધિકૃતતા પત્ર આપવામાં આવશે. સન્માન પત્ર એ એક 'થેંક્યુ નોટ, છે. જ્યારે લાભાર્થીઓને PM- JAY અંતર્ગત સારવાર બાદ રજા આપવામાં આવે ત્યારે તે લાભાર્થીઓને આપવામાં આવશે. આયુષ્માન મિત્રએ નાગરિકોને PM- JAY યોજના હેઠળ ચકાસણી કરવા માટે લાયક લાભાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં ભાગ લેવા માટે શરૂ કરવામાં આવી છે.

## વિશ્વ

➤ **મલેશિયાના વડાપ્રધાન શ્રી મુહિદ્દીન યાસીને રાજીનામું આપ્યું**

મલેશિયામાં રાજકીય ઉથલપાથલ બાદ મલેશિયાના વડાપ્રધાન શ્રી મુહિદ્દીન યાસીને 16 ઓગસ્ટ, 2021ના રોજ રાજીનામું આપ્યું હતું. શ્રી મુહિદ્દીન યાસીને બહુમતી ગુમાવ્યા બાદ તેમણે અને તેમના મંત્રીમંડળે રાજીનામું આપ્યું હતું. તેમણે મલેશિયાના વડાપ્રધાન તરીકે 17 મહિના સેવા આપી હતી. જે મલેશિયાના નેતાઓનો આ સૌથી ઓછો કાર્યકાળ છે. તેમનું રાજીનામું અર્થતંત્રને ફરી શરૂ કરવા અને કોવિડ ચેપના પુનરુત્થાનને નિયંત્રિત કરવાના પ્રયાસોને પણ અસર કરશે. મલેશિયાની રિંગિટ કરન્સી એક વર્ષની નીચી સપાટીએ આવી ગઈ છે અને તેમનું શેરબજાર પણ નીચે આવી ગયું છે. ત્યારબાદ 20 ઓગસ્ટ, 2021ના રોજ મલેશિયાના રાજાએ શ્રી ઈસ્માઈલ સબરી યાકૂબને મલેશિયાના નવા વડાપ્રધાન તરીકે નિયુક્ત કર્યા છે.

➤ **પેન્સિલ લીડનો ઉપયોગ કરીને નવી કોવિડ ટેસ્ટ વિકસાવવામાં આવી.**

યુ.એસમાં પેન્સિલવેનિયા યુનિવર્સિટીના સંશોધકોએ એક નવું સસ્તું, ઝડપી અને વધુ સચોટ નિદાન પરીક્ષણ વિકસાવવામાં આવ્યું છે. જે SARAS CoV-2 વાયરસનું પરીક્ષણ કરવા માટે ગ્રફાઈટથી બનેલા ઈલેક્ટ્રોડ્સનો ઉપયોગ કરે છે. સંશોધકોએ એ વાત પર પ્રકાશ પાડ્યો હતો કે ગ્રેફાઈટ ઈલેક્ટ્રોડનો ઉપયોગ પરીક્ષણની કિંમત રૂ. 1.50 ડોલર પ્રતિ પરીક્ષણ ઘટાડે છે. ગ્રેફાઈટ કાર્બન તત્વનું સ્ફટિકીય સ્વરૂપ છે. ગ્રેફાઈટમાં કાર્બન અણુઓ ષટ્કોણ માળખામાં ગોઠવાયેલા હોય છે. ગ્રેફાઈટને પ્લમ્બગો પણ કહેવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **અફઘાનિસ્તાનમાં ઝડપથી ભૂખમરો વધી રહ્યો છે : WFP રિપોર્ટ**

વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP)ના જણાવ્યા અનુસાર અફઘાનિસ્તાનમાં 39 મિલિયન લોકોમાંથી 14 મિલિયન લોકો ગંભીર ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. યુ.એન ફૂડ એજન્સી અફઘાનિસ્તાનના પ્રાતીય રાજધાનીમાં સહાય વિતરણ માટે તાલિબાન સાથે વાટાઘાટો કરવામાં સફળ રહી છે. અફઘાનિસ્તાનમાં ત્રણ વર્ષમાં આ બિજો દુષ્કાળ છે જોકે આ વર્ષે દુષ્કાળને લડાઈ સાથે જોડવામાં આવ્યો છે. 15 ઓગસ્ટના રોજ તાલિબાનોએ દેશ પર કબજો જમાવ્યો તેના ઘણા સમય પહેલા દુષ્કાળે અફઘાનિસ્તાને ઘણી અસર કરી હતી. WFPના અંદાજ મુજબ અફઘાનિસ્તાનમાં લગભગ 20 લાખ બાળકો કુપોષિત છે.

## ICE ? Questions

- ગુજરાત હાઈકોર્ટમાં તાજેતરમાં કઈ ઓનલાઈન સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવી છે ?
  – ઈ–મેઈલ માય સ્ટેટ સેવા (ઈ–સેવા)
- ભાવનગરથી કયા સ્થળની સ્પાઈસ જેટની વિમાની સેવાની શરૂઆત કરવામાં આવી છે ?
  – દિલ્હી, સુરત અને મુંબઈ
- સ્વતંત્રતા દિવસ નિમિત્તે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેથી કયા **FM** રેડિયોનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે ?
  **– 90 FM**
- તાજેતરમાં શ્રીમતી સુભદ્રા કુમારી ચૌહાણને તેમની કેટલામી જન્મ જંયતિ પર ગુગલે એક ડુડલ બનાવી સન્માનિત કર્યા હતા ? **– 117** મી
- કયું મંત્રાલય તમામ રાજ્યમાં 'વન ધન' ઉત્પાદક કંપનીઓ સ્થાપવાની યોજના બનાવી રહી છે ?
  – આદિજાતિ બાબતોનું મંત્રાલય
- તાજેતરમાં કઈ કંપનીએ ડિઝલની 'ડોર–ટુ–ડોર' ડિલવરી શરૂ કરી છે ? **– BPCL**
- તાજેતરમાં શ્રી મુહિદ્દીન યાસીને કયા દેશના વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું છે ? – મલેશિયા
- મલેશિયાના નવા વડપ્રધાનનું નામ જણાવો. – ઈસ્માઈલ સબરી યાકૂબ
- ભારત નેટ પ્રોગ્રામ હેઠળ કયા વર્ષ સુધીમાં ભારતના **6** લાખ ગામોને ઈન્ટરનેટ કનેક્ટિવિટી મળશે ?
  **– 2024**
- તાજેતરમાં કઈ યુનિવર્સિટીના સંશોધકોએ પેન્સિલ લીડનો ઉપયોગ કરીને કોવિડ ટેસ્ટ વિકસાવી છે ?
  – પેન્સિલવેનિયા યુનિવર્સિટી (યુ.એસ)
- **TAPAS**નું પૂરું નામ જણાવો. **– Traninig for Augmenting Productivity and Services**
- વિદ્યાર્થી સાહસિકતા કાર્યક્રમની તાજેતરમાં કેટલામી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે ? – ત્રીજી **(3.0)**
- તાજેતરમાં ભારતે કયા દેશ માટે કટોકટી વિઝાની જાહેરાત કરી છે ? – અફઘાનિસ્તાન
- **15** ઓગસ્ટ, **2021**ના રોજ આરોગ્ય ધારા **2.0** કોણે લોન્ચ કરી હતી ? – કેન્દ્રીય મંત્રી શ્રી મનસુખ માંડવીયા
- વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના જણાવ્યા અનુસાર એશિયાના કયા દેશમાં ઝડપથી ભૂખમરો વધી રહ્યો છે ?
  – અફઘાનિસ્તાન

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Question Of this Week

1. કયા મંત્રાલયે શહેરી સ્વ–સહાય જૂથના ઉત્પાદનોના માર્કેટિંગ માટે 'સોન ચિરૈયા' બ્રાન્ડ શરૂ કરી છે ?

– આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય

(આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના સચિવ શ્રી દુર્ગા શંકર મિશ્રાએ 13 ઓગસ્ટ, 2021ના રોજ 'સોન ચિરૈયા' ઉત્પાદનોના માર્કેટિંગના ઉદ્દેશ સાથે 'સોન ચિરૈયા' અથવા 'સોન ચિરિયા' શરૂ કરવામાં અવી છે.)

2. કઈ બેંકે તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં MSME પરામર્શ કાર્યક્રમ શરૂ કર્યો છે ? – ઈન્ડિયન બેંક

3. કયા રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશના પોલીસ વિભાગે 'e- FIR' પહેલ શરૂ કરી છે ? – મધ્યપ્રદેશ

(મધ્યપ્રદેશ પોલીસ લોકોને વાહન ચોરી અથવા 1 લાખ રૂપિયા સુધીની રોકડ અને વસ્તુઓની ચોરી સંબંધિત ઓનલાઈન FIR દાખલ કરવાની મંજૂરી આપવા માટે એક પાયલોટ પહેલ શરૂ કરી છે. વાહન ચોરી (રૂ. 15 લાખ સુધી) અને નાણાકીય ચોરીનો કોઈપણ ભોગ બનનાર કે જે રોકડ, ઘરેણાં, મોબાઈલ ફોન, સાધનો જેવી કોઈપણ વસ્તુ હોઈ શકે, તે e- FIR દાખલ કરી શકે છે.)

4. તાજેતરમાં કેટલાક પર્યાવરણવાદીઓ ________રાજ્યના કડાવુર અનામત જંગલને સ્લેન્ડર લોરિસ (Loris Trdigradus)ના સંરક્ષણ માટે વન્યજીવન અભયારણ્ય જાહેર કરવાની માંગ કરી છે ? – તમિલનાડુ

5. 16 ઓગસ્ટ, 2021ના રોજ કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં 'ડી જુરે ટ્રાન્સફર ડે' ઉજવવામાં આવ્યો હતો ? – પુડુચેરી

6. શ્રી નરેન્દ્ર સિંહ તોમરે કયા રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશમાં વિશ્વની બીજી સૌથી મોટી અત્યાધુનિક 'રાષ્ટ્રીય જીન બેંક' (National Gene Bank)નું ઉદ્‌ઘાટન કર્યું છે ? – નવી દિલ્હી

7. ટાટા મોટર્સે કાર લોનની સુવિધા પૂરી પાડવા માટે કઈ બેંક સાથે ભાગીદારી કરી છે ? – બેંક ઓફ મહારાષ્ટ્ર

8. તાજેતરમાં કઈ સંસ્થાએ તેના વૈકલ્પિક રોકાણ ફંડ (Alternate Investment Fund- AIF) માટે ડિજિટલ ઓનબોર્ડિંગ શરૂ કર્યુ છે ? – આસ્ક ઈન્વેસ્ટમેન્ટ મેનેઝર્સ લિમિટેડ

9. નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા તાજેતરમાં કઈ સંસ્થાને વિવિધ હેતુઓ માટે ડ્રોનનો ઉપયોગ કરવાની શરતી પરવાનગી આપવામાં આવી હતી ? – સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા

10. છત્તીસગઢ સરકાર ભૂમિહીન મજૂરોને કેટલા રૂપિયા આપશે ? – 6000

(છત્તીસગઢ સરકારે 'રાજીવ ગાંધી ગ્રામીણ મજદુર ન્યાય યોજના' શરૂ કરી છે. આ યોજના હેઠળ 12 લાખ ભૂમિહીન મજૂરોને 6000 રૂપિયા આપવામાં આવશે.)

11. કયા રાજ્યએ 96 લાખ પરિવારોને આવરી લેવા માટે મુખ્ય આરોગ્ય વીમા યોજના 'બીજુ સ્વાસ્થ્ય કલ્યાણ યોજના' (BSKY)ના વિસ્તરણની જાહેરાત કરી હતી ? – ઓડિશા

(ઓડિશાના મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયકે તાજેતરમાં ઓડિશા રાજ્યના 96 લાખ પરિવારોને આવરી લેવા માટે મુખ્ય આરોગ્ય વીમા યોજના 'બીજુ સ્વાસ્થ્ય કલ્યાણ યોજના' (BSKY)ના વિસ્તરણની જાહેરાત કરી હતી. આ યોજના અંતર્ગત રાજ્યની કુલ 4.5 કરોડ વસતીમાંથી લગભગ 3.5 કરોડ લોકોને ટૂંક સમયમાં 'સ્માર્ટ હેલ્થ કાર્ડ' આપવામાં આવશે.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. તાજેતરમાં શ્રી હકંદે હિચિલેમા કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ? – ઝામ્બિયા

13. કઈ સંસ્થાએ હૈદરાબાદ કેમેરા ઈનોવેશન માટે એક વિશિષ્ટ લેબોરેટરીની સ્થાપના કરી છે ? – ઓપ્પો

(સ્માર્ટફોન ઉત્પાદક કંપની ઓપ્પોએ તેના હૈદરાબાદ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરમાં કેમેરા ઈનોવેશન માટે વિશિષ્ટ લેબની સ્થાપના કરી છે.)

14. ઔરંગાબાદની 14 વર્ષની દીકરી સુશ્રી દીક્ષા શિંદેની કઈ સ્પેસ એજન્સીની પૈનલિસ્ટમાં પંસદગી થઈ છે ? – NASA

15. ભારત સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે 19 ઓગસ્ટ, 2021ના રોજ ડિફેન્સ ઈન્ડિયા સ્ટાર્ટ અપ ચેલેન્જની કેટલામી આવૃત્તિ લોન્ચ કરી હતી ? – 5 મી

16. ભારતીય હવાઈ દળના ફાઈટર જેટ્સને દુશ્મન મિસાઈલોથી બચાવવાના ઉદ્દેશ સાથે અદ્યતન ચૈફ (Chaff) ટેક્નોલોજી કોણે વિકસાવી છે ? – DRDO

17. કઈ સંસ્થાએ આંતરરાષ્ટ્રીય બુલિયન એક્સેન્જ (IBE)નું સંચાલન કર્યુ છે ? – આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા સત્તામંડળ

(ઈન્ટરનેશનલ બુલિયન એક્સેન્જનું પાયલોટ રન ગુજરાત ઈન્ટરનેશનલ ફિન ટેક સિટી, અમદાવાદ ખાતે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર્સ ઓથોરિટી (IFSC) દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું.)

18. કઈ સંસ્થાએ ઈ–શીલ્ડ નેક્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સ પ્રોડક્ટ લોન્ચ કરી છે ? – SBI લાઈફ ઈન્સ્યોરન્સ

19. તાજેતરમાં કયા સંગઠન સાથે પર્યટન મંત્રાલયે આતિથ્ય અને પ્રવાસન ઉદ્યોગને મજબૂત કરવા ભાગીદારી કરી છે ?

– MakeMy Trip અને Lbibo

20. તાજેતરમાં કોણે 'Small Business Loans Initiative' પહેલ શરૂ કરી છે ? – ફેસબુક ઈન્ડિયા

21. તાજેતરમાં ઉત્તરાખંડના કયા મંદિરને કેન્દ્રના ‘એડોપ્ટ અ હેરિટેજ’ પ્રોજેક્ટ હેઠળ સમાવવામાં આવ્યું છે ?

– નારાયણકોટિ મંદિર

22. ભારતના લેજન્ડરી એથ્લીટ પી.ટી ઉષાના કયા કોચનું તાજેતરમાં નિધન થયું છે ? – ઓ. એમ. નામ્બિયાર

23. ગુજરાત ધર્મ સ્વતંત્રતા અધિનિયમના સુધારાની કેટલી કલમ પર હાઈકોર્ટે વચગાળાઓ સ્ટે ફરમાવ્યો છે ? – 8

24. રશિયામાં ચાલી રહેલી વર્લ્ડ જુનિયર કુસ્તી ચેમ્પિયનશિપમાં ભારતના કયા ખેલાડીએ સિલ્વર મેડલ જીત્યો છે ? – શ્રી રવિન્દર

25. તાજેતરમાં કયા રાજ્યએ મદદગારો, ડ્રાઈવરો અને પુજારીઓ માટે કોવિડ– 19 રાહત પેકેજની જાહેરાત કરી છે ?

– આસામ

26. બેંગ્લોરમાં મેટ્રો નેટવર્કના વિસ્તરણ માટે ભારતે કઈ સંસ્થા સાથે 500 મિલિયન ડોલરના લોન કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – એશિયન ડેવલપમેન્ટ બેંક

27. ચીનની રાષ્ટ્રીય વિધાનસભાએ સત્તાધારી સામ્યવાદી પક્ષ દ્વારા સૂચિત કેટલા બાળકોની નીતિને ઔપચારિક રીતે સમર્થન આપ્યું છે ? – ત્રણ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT